# પવિત્ર આત્માનું બાપ્તિસ્મા



આશિષ રાયચૂર

**ફક્ત મફત વહેચણી માટે**
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઈંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2025

**માહિતી માટે સંપર્ક કરો**
All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

ફોન: +91-80-25452617
ઈમેલ: **bookrequest@apcwo.org**
વેબસાઈટ: **apcwo.org**

પ્રત્યેક વચન એ પવિત્ર બાઇબલ O. V Reference માથી લીધેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીધેલા છે.

**આર્થિક ભાગીદારી માટે**

આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને “ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર” ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

**મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ**

**સંદેશાઓને માટે**: apcwo.org/sermons | **પુસ્તકો**: apcwo.org/books
**ચર્ચની એપ**: apcwo.org/app | **બાઇબલ કોલેજ**: apcbiblecollege.org
**ઈ-લર્નિંગ**: apcbiblecollege.org/elearn | **કાઉન્સીલિંગ**: chrysalislife.org
**સંગીત**: apcmusic.org | **સેવકોની સંગતી**: pamfi.org
**એપીસી જાગતિક મિશન**: apcworldmissions.org

(Gujarati–Baptism in the Holy Spirit)

# પવિત્ર આત્માનું બાપ્તિસ્મા

# અનુક્રમણિકા


પ્રસ્તાવના

1. તે તમને પવિત્ર આત્મા વડે બાપ્તિસ્મા આપશે 1

2. પ્રેરિતોના કૃત્યોમાં નોંધ 4

3. સામાન્ય પ્રશ્નો 16

4. આત્મા પામવા માટે પ્રાર્થના અને સૂચનાઓ 26

5. અભિષિક્ત, ભરપુરીપણું અને આત્મામાં ચાલવું 32

# પ્રસ્તાવના

તમને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા મેળવવામાં અને તેનો અનુભવ કરવામાં મદદ કરવાનો આ પુસ્તકનો ઉદ્દેશ છે. આપણે આ વિષય અંગે ખૂબ ગહન અભ્યાસ કરવાના છીએ કે જેથી તમારા વિશ્વાસને દ્રઢ કરવામાં અને આ વિષય અંગે તમારા મનમાં ઉદભવતા સવાલોની સ્પષ્ટતા કરવામાં તમને મદદ મળી શકે. અમે વિશ્વાસ રાખીએ છીએ કે, જો તમે ખંતથી તેની સમીક્ષા કરશો અને પ્રાર્થનામાં વિશ્વાસ સાથે ડગલું ભરશો તો તમે પણ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામશો.

પવિત્ર આત્માના બાપ્તિસ્માનો હેતુ ઈસુ ખ્રિસ્તને માટે સાક્ષી બનવા સામર્થ્ય પ્રાપ્ત કરવાનો છે. આપણે સામર્થ્ય સાથે સાક્ષી બનવાનું છે. આ સામર્થ્ય દરેક વિશ્વાસીને માટે સાજાપણું, છુટકારો, ચમત્કાર, ચિન્હો અને અજાયબીઓ પ્રગટ કરવાનું કારણ બને છે. આ પુસ્તક તમને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કરવામાં મદદ કરશે કે જેથી તમે પણ સામર્થ્ય સાથે ઈસુ ખ્રિસ્તના સાક્ષી બની શકો. આ એક રોમાંચક મુસાફરીની શરૂઆત છે.

અમે તમને ઉત્તેજન આપવા માંગીએ છીએ કે આ પુસ્તકના અન્ય બે સાથી પુસ્તકો પણ તમે વાંચો કે જે તમને વિશ્વાસીના જીવનમાં પવિત્ર આત્માના કાર્યના સત્યને સમજવામાં મદદ કરશે—“**અન્ય ભાષામાં બોલવાના અદભૂત ફાયદા**” અને “**પવિત્ર આત્માના કૃપાદાનો**”. ઓલ પીપલ્સ ચર્ચ **apcwo.org/books** પાસે આ બંને પુસ્તકો ડિઝિટલ અને પ્રિન્ટ આવૃતિમાં પ્રાપ્ય છે.

હું 13 વર્ષની ઉંમરનો થયો તે પહેલા ઈશ્વરપિતાએ કૃપા કરી અને મારા જીવનમાં તેમના સ્પર્ષનો મેં અનુભવ કર્યો અને હું ઈસુ ખ્રિસ્તને મારા પ્રભુ અને તારણહાર તરીકે સ્વીકારું તે માટે મારી મદદ કરી. તે પછીના વર્ષે, મેં પવિત્ર આત્માનું બાપ્તિસ્મા

પ્રાપ્ત કર્યું અને હું અન્ય ભાષામાં બોલવા લાગ્યો જે હું આજ સુધી બોલું છું. મેં મારા મિત્રો, અમે બધા જેઓ કિશોરવયના જ હતા, તેઓની સાથે ઈસુ ખ્રિસ્ત વિષે અને પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિષે કહેવાનું શરૂ કર્યું અને ઘણાંબધા પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામ્યાં અને પોતાના જીવનોને બચાવી શક્યાં. તે સમયથી જ, મને એ જોવાનો આનંદ મળ્યો છે કે ઘણાંબધા પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામે છે. તમે પણ આ મુજબ કરી શકો છો. તમે આ પુસ્તકનો ઉપયોગ કરીને બીજા વિશ્વાસીઓને પવિત્ર આત્માના બાપ્તિસ્મા અંગે કહી શકો છો અને તેઓને સામર્થ્યના આ અદભૂત અનુભવ પામવા દોરવણી આપી શકો છો કે જેથી તેઓ ઇસુ ખ્રિસ્તના સાક્ષીઓ બની શકે.

ઈશ્વર તમને આશિષ આપો!

આશિષ રાયચૂર

# 1
# તે તમને પવિત્ર આત્મા વડે બાપ્તિસ્મા આપશે

જ્યારે યોહાન બાપ્તિસ્મા કરનારે ઈસુની સેવાનો પરિચય આપ્યો, ત્યારે તેણે જાહેર કર્યું કે પ્રભુ ઈસુ લોકોને પવિત્ર આત્મા અને અગ્નિથી બાપ્તિસ્મા આપશે.

**માથ્થી 3:11,12**

**[11] પસ્તાવાને માટે હું પાણીએ તમારું બાપ્તિસ્મા કરું છું ખરો, પણ જે મારી પાછળ આવનાર છે તે મારા કરતાં સમર્થ છે, ને હું તેના ચંપલ ઊંચકવા યોગ્ય નથી; તે તમારું બાપ્તિસ્મા પવિત્ર આત્માએ તથા અગ્નિએ કરશે.**
**[12] તેમનું સૂપડું તેમના હાથમાં છે, ને તે પોતાની ખળીને પૂરેપુરી સાફ કરશે, ને પોતાના ઘઉં ભંડારમાં ભરશે, પણ ભૂંસું ન હોલવાનાર અગ્નિમાં તે બાળી નાખશે.**

કૃપા કરી "એ" શબ્દ માટે ગ્રીક ભાષામાં વપરાયેલ શબ્દ *"એન"* નોંધી લેશો, જે પ્રાથમિક નામયોગી અવયવ છે જેનું ભાષાંતર "માં," "દ્વારા," "થી," "નું," "માટે" વિગેરે થઈ શકે છે. તેથી આપણે "**પવિત્ર આત્માથી બાપ્તિસ્મા**" કે "**પવિત્ર આત્માનું બાપ્તિસ્મા**" બંને શબ્દોનો વારાફરતી ઉપયોગ કર્યો છે.

યોહાન બાપ્તિસ્મા કરનારે જાહેર કર્યું કે પ્રભુ ઈસુ લોકોને પવિત્ર આત્મા અને અગ્નિથી બાપ્તિસ્મા આપશે. યોહાન જે *"અગ્નિ"* નું વર્ણન કરે છે તે *"ફોતરાં(ભૂંસું) બાળી નાખવાનું"* (માથ્થી 3:12) કહે છે. ફોતરાં દુષ્ટ બાબત ગણાય છે (ગીતશાસ્ત્ર 1:4; ગીતશાસ્ત્ર 35:5), અને પરાળ કશી વિસાતમાં નથી (યર્મિયા 23:28). વિશ્વાસી વ્યક્તિના જીવનમાં, નકામા ફોતરાને અગ્નિ બાળી નાખે છે, જે ઈશ્વરને માટે કામનું નથી અને દુષ્ટ છે તેને બાળી નાખે છે. યોહાન બાપ્તિસ્મા કરનાર જે ઈશારો કરે છે તે અધર્મીઓ અને દુષ્ટોના અંતિમ અને

અનંતકાળીક ચુકાદાને દર્શાવે છે (પ્રકટીકરણ 20:10,15). તેથી "અગ્નિ"ના બે સંદર્ભ આપવામાં આવ્યા છે, તેથી અગ્નિ શબ્દ બેવડા સંદર્ભમાં વપરાય છે, વિશ્વાસીના જીવનમાં સફાઈનું કાર્ય કરે છે અને દુષ્ટતાનો અનંતકાળીક ન્યાય પણ કરે છે.

હવે, પવિત્ર આત્માના બાપ્તિસ્મા અંગે, આપણે જાણીએ છીએ કે પ્રભુ ઈસુએ પૃથ્વી પરની પોતાની સેવા દરમ્યાન, પવિત્ર આત્માના સામર્થ્ય દ્વારા સેવા કરી (લૂક 4:14,18,19; માથ્થી 12:28; પ્રેરિતોના કૃત્યો 10:38). તેમણે પવિત્ર આત્મા વિષે શીખવ્યું અને તેમણે *"પિતાના વચનો"* મોકલી આપવાની ખાતરી આપી કે જેથી વિશ્વાસીઓ સમર્થ થાય અને તેમણે જે કાર્યો કર્યા અને જે રીતે કર્યા તે તેઓ પણ કરી શકે (લુક 24:49; યોહાન 14:12,26; યોહાન 15:26; યોહાન 16:7-13). તેમ છતાં, પૃથ્વી પરની તેમની સેવા દરમ્યાન, તેઓએ કોઈને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા આપ્યું હોય તેવું આપણે જોઈ શકતા નથી.

તેમના પુનરુત્થાન પછી, તેઓ શિષ્યોને મળ્યા અને તેઓ પવિત્ર આત્મા પામે તે માટે તેઓ પર શ્વાસ નાખ્યો.

**યોહાન 20:21,22**
**21 તેથી ઈસુએ ફરી તેઓને કહ્યું, "તમને શાંતિ થાઓ, જેમ પિતાએ મને મોકલ્યો છે, તેમ હું તમને મોકલું છું."**
**22 એમ કહીને તેમણે તેઓના પર શ્વાસ નાંખ્યો, અને તે તેઓને કહે છે, "તમે પવિત્ર આત્મા પામો.**

આ સમય હતો કે જે દરમ્યાન શિષ્યો નવો જન્મ પામ્યા. આપણે આમ કહીએ છીએ કારણ કે જ્યારે ઈશ્વરે શ્વાસ નાખ્યો, ત્યારે તેમણે જીવન આપ્યું, પોતાનાંમાથી મનુષ્યમાં કઈક આપ્યું (ઉત્પત્તિ 2:7). તેથી આ કિસ્સામાં, તેઓ આત્માથી નવો જન્મ પામ્યા. તેઓના આત્માને જીવન મળ્યું અને તેઓ નવી ઉત્પત્તિમાં માણસ બન્યા.

જોકે જેમ પિતાએ તેમને મોકલ્યા હતા તેમ શિષ્યોને ચાલવા માટે અને શિષ્યો નવો જન્મ પામેલા હોવા છતાં પ્રભુ ઈસુ

આદેશ આપે છે, પ્રભુ ઈસુ તેઓને પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામવા અને ઉપરથી સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે યરુશાલેમમાં રોકાઈ જવા માટે સૂચના આપે છે.

**લૂક 24:48,49**

**48 એ વાતના સાક્ષીઓ તમે છો.**

**49 હું મારા પિતાનું વચન તમારા પર મોકલું છું, પરંતુ તમે ઉપરથી પરાક્રમે વેષ્ટિત થાઓ, ત્યાં સુધી શહેરમાં રહેજો.**

**પ્રેરિતોનાં કૃત્યો 1:4,5,8**

**4 તેમણે તેઓની સાથે ભેગા થઈને તેઓને આજ્ઞા કરી “યરુશાલેમથી જતા ના, પણ પિતાનું જે વચન તમે મારા મુખથી સાંભળ્યું છે તેની રાહ જોતા રહેજો;**

**5કેમ કે યોહાને પાણીથી બાપ્તિસ્મા કર્યું ખરું, પણ થોડા દિવસ પછી તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો.”**

**8 પણ પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો; અને યરુશાલેમમાં, આખા યહૂદિયામાં, સમરૂનમાં તથા પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો.”**

“બાપ્તિસ્મા” શબ્દનો અર્થ “ડૂબકી મારવી, ડૂબી જવું કે બોળવું” એવો થાય છે. તેમા જે વિચાર સમાયેલો છે તે પ્રમાણે સંપૂર્ણ રીતે ઢંકાઈને, ઘેરાઈ જઈને ડૂબી જવું.

પવિત્ર આત્માના બાપ્તિસ્માનો જે હેતુ હતો તે એ કે ઈશ્વરના સામર્થ્ય વડે વિશ્વાસી વ્યક્તિઓ સંપૂર્ણપણે ઢંકાઈ જાય કે જેથી તેઓ પૃથ્વીના છેડા સુધી ઈસુ ખ્રિસ્તના સાક્ષીઓ થઈ શકે.

# 2
# પ્રેરિતોનાં કૃત્યોમાં નોંધ

હવે આપણે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પ્રાપ્ત કરનાર વ્યક્તિઓ કે લોકોના જુથોના પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકમાં નોંધાયેલ પાંચ ઉદાહરણોની વિગતવાર સમીક્ષા કરીશું. આપણે જાણીએ છીએ કે આવા બીજા ઘણાં ઉદાહરણો હોય શકે છે, પરંતુ આ ઉદાહરણો ખાસ કરીને આપણને શિક્ષણ અને સૂચનાઓ મળે તે માટે નોંધવામાં આવ્યા છે.

આવો આપણે પવિત્ર આત્માએ આપણે માટે જે બાબતો નોંધી છે તેની સમીક્ષા કરીએ અને તેમાંથી સમજણ પ્રાપ્ત કરીએ.

## 1) પચાસમાનો દિવસ

**પ્રેરિતોનાં કૃત્યો 2:1-4**

**1 પચાસમાના પર્વનો દિવસ આવ્યો, તે વખતે તેઓ સર્વ એક સ્થળે એકત્ર થયા હતા.**

**2 ત્યારે આકાશમાંથી એકાએક ભારે આંધીના ઘુઘવાટ જેવો અવાજ આવ્યો, અને તેઓ જ્યાં બેઠા હતા તે આખું ઘર ગાજી રહ્યું,**

**3 અગ્નિના જેવી છૂટી છૂટી પડતી જીભો તેઓના જોવામાં આવી; અને તેઓમાંના દરેક ઉપર [એક એક] બેઠી.**

**4 તેઓ સર્વ <u>પવિત્ર આત્માથી ભરપૂર થયા</u>, અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ તેઓ જુદી જુદી ભાષાઓમાં બોલવા લાગ્યા.**

જ્યારે પચાસમાને દિવસે 120 શિષ્યોને પવિત્ર આત્માથી બાપ્તિસ્મા આપવામાં આવ્યું, ત્યારે કેટલીક અસાધારણ ઘટનાઓ બની—આકાશમાંથી એકાએક ભારે આંધીના ઘુઘવાટ જેવો અવાજ આવ્યો, અગ્નિના જેવી જીભો તેઓ ઉપર બેઠી અને તેઓ બધા અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યાં.

## અત્રે બીજી થોડી બાબતો નોંધવા જેવી છે ...

- જ્યારે તેઓ પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામ્યા (પ્રેરિતોનાં કૃત્યો 1:5), ત્યારે તેઓ *"પવિત્ર આત્માથી પણ ભરપૂર થયા"* (પ્રેરિતોનાં કૃત્યો 2:4). તેઓ પવિત્ર આત્માથી આભૂષિત અને ભરપૂર થયા.
- અત્રે નોંધીએ કે તેઓ અન્ય ભાષાઓમાં બોલ્યા, મતલબ કે એ અવાજ તેઓનો જ હતો અને તેઓના મુખમાથી જ આવતો હતો. તેઓ જે બોલતા હતા તે પવિત્ર આત્મા બોલતો ન હતો પણ પવિત્ર આત્મા દ્વારા તેઓને અન્ય ભાષા બોલવાનું કૃપાદાન આપવામાં આવ્યું હતું.

તે સમય કાપણીના પર્વનો સમય હતો. પ્રથમ ફળના પચાસ દિવસ પછી પર્વ ઉજવવામાં આવતું હતું. પર્વની ઉજવણી માટે આવતા લોકોની ભીડથી યરૂશાલેમ ઉભરાતુ હતું. ઉપલી મેડીમાં જે ઘટના બની હતી તે સાંભળીને લોકોના ટોળાએ અલગ અલગ પ્રકારના પ્રત્યાઘાત આપ્યા. કેટલાએક સંપૂર્ણ રીતે ગૂંચવણમાં પડી ગયા. કેટલાએક આશ્ચર્યચકિત થયા અને નવાઈ પામ્યા. કેટલાએક અચંબો પામીને મૂંઝવણમાં મુકાયા. બીજાઓએ મશ્કરી કરીને કહ્યું કે શિષ્યો દારૂ પીધેલા છે.

**પ્રેરિતોનાં કૃત્યો 2:14-18**

**14 ત્યારે અગિયાર સાથે પિતરે ઊભા થઈ ઊંચે સ્વરે તેઓને કહ્યું, "યહૂદિયાના માણસો તથા યરુશાલેમના રહેવાસીઓ, તમે સર્વ આ જાણી લો, અને મારી વાતોને કાન દો.**

**15 આ માણસો પીધેલા છે એમ તમે ધારો છો, પણ એમ નથી; કેમ કે [હજી તો] દિવસનો પહેલો જ પહોર છે.**

**16 પણ એ તો યોએલ પ્રબોધકે જે કહ્યું હતું તે જ છે; એટલે કે,**

**17 ઈશ્વર કહે છે કે, પાછલા દિવસોમાં એમ થશે કે, હું સર્વ માણસો પર મારો આત્મા રેડી દઈશ અને તમારા દીકરા તથા તમારી દીકરીઓ પ્રબોધ કરશે, તમારા જુવાનોને સંદર્શનો થશે, અને તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે.**

**18 વળી તે સમયે હું મારા દાસો પર તથા મારી દાસીઓ પર મારો આત્મા રેડી દઈશ, અને તેઓ પ્રબોધ કરશે.**

પ્રેરિત પિતર, પવિત્ર આત્માની પ્રેરણાથી ભરપૂર થઈને, જૂના કરારના યોએલ પ્રબોધકના પુસ્તકમાથી (યોએલ 2:28-32) કહે છે અને સમજાવે છે કે જે કઈ ઘટના બની હતી તે તો પ્રબોધકની ભવિષ્યવાણીની પરિપૂર્ણતા હતી.

બાજુની નોંધ તરીકે, આપણે જોઈએ છીએ કે યોએલ પ્રબોધકે પવિત્ર આત્માના ભરપુરીપણા વિષે જે ભવિષ્યવાણી કરી હતી તે **પ્રબોધ, સંદર્શનો અને સ્વપ્નો** સાથેની હતી. પચાસમાને દિવસે, આમાનું કશું જ થયું નહિ, તેને બદલે, ત્યાં તો ભારે આંધીના જેવો ધુધવાટા મારતો **પવન**, **અગ્નિ** અને **અગ્નિના જેવી જીભો** જ હતી.અને છતાં, પિતર દ્વારા પવિત્ર આત્મા જણાવે છે કે, *"જે કહ્યું હતું તે જ છે"* (પ્રેરિતોનાં કૃત્યો 2:16) અથવા તો જે ભવિષ્યવાણી કરવામાં આવી હતી તે પ્રમાણે થયું છે! અત્રે જે શીખવા મળે છે તે એ કે જ્યારે પવિત્ર આત્મા ચલિત થાય છે, ત્યારે તેની અભિવ્યક્તિઓ હંમેશા એકસરખી ન હોય શકે, પરંતુ તે હજી પણ આત્માનું ભરપુરીપણું કહેવાય છે કારણ કે તે એ જ પવિત્ર આત્મા છે જે હજી કાર્ય કરે છે!

તે દિવસે પિતરે સંદેશ આપ્યો તે પછી 3000 લોકો તારણ પામ્યા. જ્યારે આપણે પવિત્ર આત્માના અભિષિક્તપણા હેઠળ પ્રબોધ કરીએ છીએ ત્યારે આપણે આ પ્રમાણેની આત્મા જીતવાની મોટી કાપણીની અપેક્ષા રાખી શકીએ છીએ! આ મુજબ વારંવાર, વારેઘડીએ, ફરીથી અને ફરીથી બની શકે છે!

**પ્રેરિતોનાં કૃત્યો 2:38,39**

**38ત્યારે પિતરે તેઓને [કહ્યું,] "પસ્તાવો કરો, અને ઈસુ ખ્રિસ્તને નામે તમારામાંનો દરેક બાપ્તિસ્મા પામો કે, તમારાં પાપનું નિવારણ થાય, અને <u>તમને પવિત્ર આત્માનું દાન મળશે</u>.**

**39 કેમ કે તે વચન તમારે માટે, તમારાં છોકરાંને માટે, તથા જેઓ દૂર છે તેઓને માટે, એટલે આપણા ઈશ્વર પ્રભુ જેટલાંને પોતાની પાસે બોલાવશે તેઓ સર્વને માટે છે."**

પસ્તાવાના તેડાના આ ભાગરૂપે, પિતર ટોળાને માહિતી આપતા જણાવે છે કે માત્ર તેઓના પાપનું નિવારણ થશે એટલું

જ નહિ પણ તેઓ *"પવિત્ર આત્માનું દાન મેળવશે"* (પ્રેરિતોનાં કૃત્યો 2:38). હમણાં જ 120 શિષ્યોએ—દાન તરીકે-જે પ્રાપ્ત કર્યું તે તેઓ પણ પ્રાપ્ત કરશે. પવિત્ર આત્માનું ભરપુરીપણું આપણને દાન તરીકે આપવામાં આવ્યું છે. આપણે જે કરવાનું છે તે એ કે વિશ્વાસ સહિત તેને ગ્રહણ કરવાનું છે. આપણે પવિત્ર આત્માના દાન કિંમત આપીને ખરીદી શકતા નથી.

બીજું અગત્યનું સત્ય જે પિતર જણાવે છે તે એ છે કે આ *"વચન"* કે સંદેશ તમારાં બાળકો (પેઢીઓ સુધી) માટે છે, જેઓ પ્રભુથી દૂર(વિશ્વના દેશો) છે તેઓ માટે છે અને જેટલા પણ લોકોને પ્રભુ તેડે છે (લોક સમુદાયો અને સમયના પાબંધ વગર) તેઓ માટે છે.

પિતર કહે છે કે આ વચન (ખાતરી) જેટલાને પ્રભુ તેડે છે તેઓ તમામ માટે છે. જે રીતે આજે પણ પ્રભુ લોકોને તેડું આપે છે, તારણની *"ખાતરી"* અને પવિત્ર આત્માના કૃપાદાન જે પ્રેરિતોનાં કૃત્યો 2:38માં કહેવામા આવ્યા છે તે આજે પણ એટલા જ સત્ય અને પ્રાપ્ય છે. પવિત્ર આત્માનું ભરપુરીપણું કે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા મંડળીના યુગમાં બધાં જ વિશ્વાસીઓ માટે છે.

## 2) સમરૂનના વિશ્વાસીઓ

પ્રેરિતોનાં કૃત્યો 8માં અધ્યાયમાં જણાવ્યા પ્રમાણે, આસપાસના ગામડાઓમાં, નગરોમાં અને શહેરોમાં સતાવણીને કારણે વિશ્વાસીઓ યરૂશાલેમથી વિખેરાય ગયા. ફિલિપ, જે યરૂશાલેમમાની મંડળીમાં સેવા કરતો હતો, તે સમારીઆ શહેરમાં ગયો અને ત્યાં તેણે ખ્રિસ્ત વિષે પ્રચાર કર્યો. ઘણાંઓએ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો જેમાં સિમોન નામે એક વ્યક્તિનો પણ સમાવેશ થતો હતો કે જે જાદુગર હતો અને તેણે મેલીવિદ્યાથી ઘણાં લોકોને વશ કર્યા હતા. આ નવા વિશ્વાસીઓનું બાપ્તિસ્મા પાણીથી થયું હતું.

**પ્રેરિતોનાં કૃત્યો 8:12-19**

**12 પણ ફિલિપ ઈશ્વરના રાજ્ય તથા ઈસુ ખ્રિસ્તના નામ વિષે સુવાર્તા પ્રગટ કરતો હતો તેવામાં તેઓનો વિશ્વાસ તેના પર બેઠો, અને પુરુષોએ તેમ જ સ્ત્રીઓએ પણ બાપ્તિસ્મા લીધું.**

**13 સિમોન પોતે પણ વિશ્વાસ કર્યો, અને બાપ્તિસ્મા પામીને ફિલિપની સાથે રહ્યો. અને ચમત્કારો તથા મોટાં પરાક્રમની કામો બનતાં જોઈને તે આશ્ચર્ય પામ્યો.**

**14 હવે સમરૂનીઓએ ઈશ્વરની વાત સ્વીકારી છે એવું યરુશાલેમમાં પ્રેરિતોના સાંભળવામાં આવ્યું, એટલે તેઓએ પિતર તથા યોહાનને તેઓની પાસે મોકલ્યા.**

**15 ત્યાં પહોંચ્યા પછી તેઓ પવિત્ર આત્મા પામે માટે તેઓએ તેઓને માટે પ્રાર્થના કરી.**

**16 કેમ કે ત્યાર સુધી તેઓમાંના કોઈના ઉપર તે ઊતર્યો નહોતો, પણ તેઓ માત્ર પ્રભુ ઈસુને નામે બાપ્તિસ્મા પામ્યા હતા.**

**17 પછી તેઓએ તેઓના પર હાથ મૂક્યા, એટલે તેઓ પવિત્ર આત્મા પામ્યા.**

**18 હવે પ્રેરિતોના હાથ મૂકવાથી પવિત્ર આત્મા આપવામાં આવે છે, એ જોઈને સિમોને તેઓને પૈસા આપવા માંડયા,**

**19 અને કહ્યું, “તમે મને પણ એ અધિકાર આપો કે જેના પર હું હાથ મૂકું તે પવિત્ર આત્મા પામે.”**

સમરૂનમાં લોકોએ પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કર્યો છે તે યરૂશાલેમમાં પ્રેરિતોના સાંભળવામાં આવ્યું ત્યારે તેઓએ શું કર્યું તે નોંધવું ખૂબ જ રસપ્રદ છે. પિતર અને યોહાન વિશેષ કરીને સમરૂન ગયા અને તેઓ માટે પ્રાર્થના કરી કે જેથી તેઓ પવિત્ર આત્મા પામે.

એવું અનુમાન લગાવવાનું સલામત લાગે છે પ્રથમની મંડળીમાં જાણે કે એવી “સામાન્ય પ્રથા” બની ગઈ હતી કે નવા વિશ્વાસીઓને પવિત્ર આત્મા મળે (પવિત્ર આત્માનું બાપ્તિસ્મા આપવા) તે માટે પ્રાર્થના કરવામાં આવતી હતી. આપણે એવું અનુમાન પણ કરી શકીએ કે જ્યારે સમરૂનમાનાં નવા વિશ્વાસીઓ માટે પ્રેરિતોએ પ્રાર્થના કરી ત્યારે કશુક અલૌકિક બન્યું કેમ કે સિમોન, જે મેલીવિદ્યા જાણતો હતો, તેણે તેઓને પૈસા આપવાનું કહ્યું કે જેથી પોતે તે અધિકાર પ્રાપ્ત કરે.

જોકે પવિત્ર શાસ્ત્રમાં તેનો કોઈ ઉલ્લેખ નથી છતાં અગાઉ નોંધવામાં આવ્યું છે તે પ્રમાણે પચાસમાના દિવસે જે બન્યું તે પરથી આપણે એવું અનુમાન કરી શકે કે સમરૂનમાનાં નવા વિશ્વાસીઓ પવિત્ર આત્મા પામ્યા તેથી તેઓ પણ અન્ય ભાષા બોલવા લાગ્યા. આ એક અલૌકિક ઘટના હતી કે જેણે સિમોન, જાદુગરને ચોંકાવી દીધો હતો.

## 3) શાઉલ જે પ્રેરિત પાઉલ બન્યો

પ્રેરિતોનાં કૃત્યો પુસ્તકમાં હવે પછીની જે ઘટના આપણે જોવાના છીએ તે એ છે કે પ્રાર્થના કરવામાં આવે અને કોઈ પવિત્ર આત્મા પામે તે બીજું કોઈ નહિ પણ શાઉલ જે પાછળથી મહાન પ્રેરિત પાઉલ બને છે. દમસ્કસના શેહર તરફ જતાં રસ્તા પર શાઉલનો પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે જબરદસ્ત ભેટો થાય છે. શાઉલ આંધળો થઈ ગયો, અને ત્રણ દિવસ સુધી તે કઈ જોઈ શક્યો નહિ, તેણે ઉપવાસ કર્યો, પ્રાર્થના કરી અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત માટે રાહ જોઈ. પ્રભુ ઈસુએ અનાન્યા નામના શિષ્યને આજ્ઞા આપી કે તે શાઉલ પાસે જઈને તેને માટે પ્રાર્થના કરે કે જેથી તેની દ્રષ્ટિ પુન:પ્રાપ્ત થાય.

**પ્રેરિતોનાં કૃત્યો 9:10-18**

**10 હવે દમસ્કસમાં અનાન્યા નામે એક શિષ્ય હતો. તેને પ્રભુએ દર્શન દઈને કહ્યું, "અનાન્યા, ત્યારે તેણે કહ્યું, "પ્રભુ, હું આ રહ્યો."**

**11 ત્યારે પ્રભુએ તેને કહ્યું, "ઊઠીને પાધરા નામના રસ્તામાં જા, ને શાઉલ નામે તાર્સસના એક માણસ વિષે યહૂદિયાના ઘરમાં ખબર કાઢ; કેમ કે જો, તે પ્રાર્થના કરે છે.**

**12 તેણે [દર્શનમાં] જોયું છે કે, અનાન્યા નામે એક માણસ અંદર આવીને તે દેખતો થાય માટે તેના પર હાથ મૂકે છે."**

**13 પણ અનાન્યાએ ઉત્તર આપ્યો, "પ્રભુ, યરુશાલેમમાંના તારા સંતોને એ માણસે કેટલું બધું દુ:ખ આપ્યું છે એ મેં ઘણા [નાં મોં] થી સાંભળ્યું છે.**

**14 અને જેઓ તમારે નામે પ્રાર્થના કરે છે તેઓ સર્વને બાંધીને લઈ જવા માટે મુખ્ય યાજકો પાસેથી અહીં પણ તેને અધિકાર મળ્યો છે."**

**15 પણ પ્રભુએ તેને કહ્યું, "તું ચાલ્યો જા; કેમ કે વિદેશીઓ, રાજાઓ તથા ઇઝરાયલપ્રજાની આગળ મારું નામ પ્રગટ કરવા માટે એ મારું પસંદ કરેલું પાત્ર છે.**

**[16] કેમ કે મારા નામને લીધે તેને કેટલું બધું દુ:ખ સહન કરવું પડશે, એ હું તેને બતાવીશ."**
**[17] ત્યારે અનાન્યા ચાલ્યો ગયો, અને તે ઘરમાં પ્રવેશ્યો, અને તેના પર હાથ મૂકીને કહ્યું, "ભાઈ શાઉલ, પ્રભુ, એટલે ઈસુ, જે તમને માર્ગમાં આવતા દેખાયા, તેમણે તમે દેખતા થાઓ, અને પવિત્ર આત્માથી તમે ભરપૂર થાઓ, માટે મને મોકલ્યો છે."**
**[18] ત્યારે તેની આંખો પરથી તત્કાળ છાલાં જેવું કંઈ ખરી પડયું, એટલે તે દેખતો થયો; અને ઊઠીને તે બાપ્તિસ્મા પામ્યો.**

અનાન્યા, શરૂઆતમાં થોડી અનિચ્છા દર્શાવે છે, પણ શાઉલ પાસે જાય છે અને તેની આંખો ખૂલે તથા દ્રષ્ટિ પ્રાપ્ત કરે એટલું જ નહિ પણ શાઉલ પવિત્ર આત્માથી ભરપૂર થાય તે માટે પ્રાર્થના કરે છે. ત્રણ દિવસ પહેલા જ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરીને શાઉલ વિશ્વાસી વ્યક્તિ બન્યો હતો. પ્રભુ અનાન્યાને જે પ્રમાણે આજ્ઞા આપે છે તે પરથી આપણે કહી શકીએ કે શાઉલને ઈશ્વર તરફથી સેવા માટે મહાન તેડું આપવામાં આવ્યું હતું, અને છતાં, તે પવિત્ર આત્મા પ્રાપ્ત કરે તે માટે પ્રાર્થના કરવામાં આવે છે.

ફરીથી એકવાર, આ આપાણી સમજણમાં ઉમેરો કરે છે કે શરૂઆતની મંડળીમાં, નવા વિશ્વાસીઓ પવિત્ર આત્મા પ્રાપ્ત કરે તે માટે પ્રાર્થના કરવાનું સામાન્ય હતું.

પ્રેરિતોનાં કૃત્યો 9માં અધ્યાયમાં ક્યાંય એવું સ્પષ્ટ લખવામાં નથી આવ્યું કે શાઉલ અન્ય ભાષા બોલતો હતો કે તેના દ્વારા કોઈ અસાધારણ કાર્ય કરવામાં આવ્યું હોય, પરંતુ આપણે જાણીએ છીએ કે શાઉલે (જે પછીથી પાઉલ તરીકે ઓળખાયો) અન્ય ભાષામાં પુષ્કળ પ્રાર્થના કરી છે. પાઉલે કરિંથની મંડળીને લખ્યું છે કે, *"તમે સર્વ કરતાં મને વધારે ભાષાઓ બોલતાં આવડે છે, એ માટે હું ઈશ્વરનો આભાર માનું છું"* (1 કરિંથીઓને પત્ર 14:18). આપણે એ પણ જાણીએ છીએ કે પાઉલે પવિત્ર આત્માના બધા કૃપાદાનો પ્રગટ કર્યા છે અને તે વિષે બીજા વિશ્વાસીઓને શિક્ષણ આપ્યું છે કેમ કે

એ પાઉલ જ છે કે જેણે 1 કરિંથીઓને પત્ર 12 થી 14 અધ્યાય લખ્યા છે.

## 4) કર્નેલિયસ અને તેનું કુટુંબ

પ્રેરિતોનાં કૃત્યોમાં નોંધવામાં આવેલ ચોથી ઘટના કે જ્યાં કોઈ વ્યક્તિનું પવિત્ર આત્મા વડે બાપ્તિસ્મા થાય છે તે કર્નેલિયસ અને તેનું કુટુંબ છે. પ્રેરિત પિતરને સ્વર્ગીય આજ્ઞા મળે છે કે તે જાય અને કર્નેલિયસને મળે જ્યાં પિતર પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે પ્રબોધ કરે છે. આ પ્રથમ ઘટના હતી કે જ્યાં વિદેશીઓને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી.

**પ્રેરિતોનાં કૃત્યો 10:44-48**

**44 પિતર એ વાતો કહેતો હતો એટલામાં જે લોકો વાત સાંભળતા હતા તેઓ સર્વના ઉપર પવિત્ર આત્મા ઊતર્યો.**

**45 ત્યારે વિદેશીઓ પર પણ પવિત્ર આત્માનું દાન રેડાયું છે [એ જોઈને] સુન્નતીઓમાંના જે વિશ્વાસ કરનારા પિતરની સાથે આવ્યા હતા તેઓ સર્વ વિસ્મય પામ્યા.**

**46 કેમ કે તેઓને [અન્ય] ભાષાઓમાં બોલતા, તથા ઈશ્વરની સ્તુતિ કરતા તેઓએ સાંભળ્યા.**

**47 ત્યારે પિતરે કહ્યું, "આપણી જેમ તેઓ પણ પવિત્ર આત્મા પામ્યા છે, તો તેઓને બાપ્તિસ્મા આપવાને પાણીની મના કોણ કરી શકે?"**

**48 તેણે ઈસુ ખ્રિસ્તને નામે તેઓને બાપ્તિસ્મા આપવાની આજ્ઞા આપી. પછી તેઓએ કેટલાક દિવસ [ત્યાં] રહેવાની તેને વિનંતી કરી.**

જે રીતે પિતરે આ લોકોને ખ્રિસ્ત વિષે સુવાર્તા આપી હતી, તેઓએ તેના પર વિશ્વાસ કર્યો અને ઈશ્વરે તેઓ પર પોતાનો આત્મા તરત જ રેડી દીધો. આ લોકો અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા અને ઈશ્વરને પ્રગટ કરવા લાગ્યા.

**પ્રેરિતોનાં કૃત્યો 11:15-18**

**15 હું બોલવા લાગ્યો કે તરત જેમ પ્રથમ આપણા પર પવિત્ર આત્મા ઊતર્યો હતો, તેમ તેઓ પર પણ ઊતર્યો.**

**16 ત્યારે 'યોહાને પાણીથી બાપ્તિસ્મા કર્યું ખરું, પણ તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો' એ પ્રભુએ કહેલી વાત મને યાદ આવી.**

**[17] માટે જ્યારે આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો ત્યારે આપણને જેવું [દાન] મળ્યું તેવું જ દાન ઈશ્વરે તેઓને પણ આપ્યું, તો હું કોણ કે, ઈશ્વરને અટકાવું?"**

**[18] આ વાતો સાંભળીને તેઓ છાના રહ્યા, અને ઈશ્વરને મહિમા આપતાં કહ્યું, "ઈશ્વરે વિદેશીઓને પણ પશ્ચાત્તાપ [કરવાનું મન] આપ્યું છે કે તેઓ જીવન પામે."**

યરૂશાલેમમાં પાછાફર્યા બાદ, કર્નેલિયસના ઘરમાં જે ઘટના બની તેને પિતર જણાવે છે, અને તે સ્પષ્ટપણે કહે છે કે આ એજ પ્રકારનું પવિત્ર આત્માનું બાપ્તિસ્મા છે જે પચાસમાને દિવસે 120 શિષ્યોને પ્રાપ્ત થયું હતું.

તેથી, આપણી પાસે આ બીજો દાખલો છે કે જ્યાં, લોકોએ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યા પછી, પચાસમાના દિવસની માફક પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કર્યું.

## 5) એફેસસના વિશ્વાસીઓ

એફેસસ ખાતે પવિત્ર આત્માથી લોકો બાપ્તિસ્મા પામ્યા હોય તેવો છેલ્લો દાખલો પ્રેરિતોનાં કૃત્યોના 19માં અધ્યાયમાં નોંધવામાં આવ્યો છે. અત્રે પ્રેરિત પાઉલ એવા કેટલાક લોકોને મળે છે જેઓને યોહાને પાણીથી બાપ્તિસ્મા આપ્યું હતું. આ લોકોને ઈસુ ખ્રિસ્તની સેવા અને ત્યારબાદ બનેલી ઘટનાઓ વિષે કોઈ માહિતી ન હતી.

**પ્રેરિતોનાં કૃત્યો 19:1-7**

**[1] જયારે આપોલસ કરિંથમાં હતો, ત્યારે પાઉલ ઉપલા પ્રદેશમાં ફરીને એફેસસ આવ્યો, અને ત્યાં કેટલાક શિષ્યો તેને મળ્યા.**

**[2] તેણે તેઓને પૂછયું, "તમે વિશ્વાસ કર્યો ત્યારે તમે પવિત્ર આત્મા પામ્યા?" તેઓએ તેને કહ્યું, "ના, પવિત્ર આત્મા છે એ અમે સાંભળ્યું પણ નથી."**

**[3] ત્યારે તેણે પૂછયું, "તમે કોનું બાપ્તિસ્મા પામ્યા?" તેઓએ તેને કહ્યું, "યોહાનનું બાપ્તિસ્મા."**

**[4] ત્યારે પાઉલે કહ્યું, યોહાને પશ્ચાત્તાપનું બાપ્તિસ્મા કર્યું ખરું, અને લોકોને કહ્યું કે,"મારી પાછળ જે આવે છે તેના પર એટલે ઈસુ પર તમારે વિશ્વાસ કરવો,"**

**5 એ સાંભળીને તેઓએ પ્રભુ ઈસુને નામે બાપ્તિસ્મા લીધું.**
**6 જ્યારે પાઉલે તેઓના પર હાથ મૂક્યા ત્યારે તેઓના પર પવિત્ર આત્મા**
**આવ્યો. અને તેઓ [બીજી] ભાષાઓ બોલવા તથા પ્રબોધ કરવા લાગ્યા.**
**7 તેઓ બધા મળીને બારેક પુરુષ હતા.**

પાઉલનો શરૂઆતનો પ્રશ્ન વિચારવા જેવો છે. *"તમે વિશ્વાસ કર્યો ત્યારે તમે પવિત્ર આત્મા પામ્યા?"* (પ્રેરિતોનાં કૃત્યો 19:2). અહીં ફરીથી એકવાર એ નિર્દેશ કરવામાં આવે છે કે જેમ પાઉલે પ્રેરિતોનાં કૃત્યો 19માં અધ્યાયમાં જેમ લખ્યું છે તે મુજબ નવા વિશ્વાસીઓ માટે એ અપેક્ષા રાખવી સામાન્ય હતી કે જ્યારે તેઓ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે ત્યારે તેઓ માટે પ્રાર્થના કરવામાં આવે કે તેઓ પવિત્ર આત્મા પામે. પાઉલે તેઓને પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે પ્રબોધ કર્યો, પાણીથી બાપ્તિસ્મા આપ્યું અને ત્યાર પછી, તેઓ પવિત્ર આત્મા પામે તે માટે પ્રાર્થના કરી, આને કહેવાય કે તેઓ પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામ્યા. જેમ અગાઉ જોયું તેમ ફરી એકવાર, આપણે એ બાબતનું અવલોકન કરી છીએ કે પવિત્ર આત્માનું ભરપુરીપણું કે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા અલૌકિક અભિવ્યક્તિઓ જેવી કે અન્ય ભાષાઓમાં પ્રાર્થના કરવી વિગેરે સાથે લઈને આવે છે અને આ કિસ્સામાં તેની પ્રબોધવાણી પણ થઈ છે.

## નોંધવામાં આવેલ પાંચ ઘટનાઓનો સારાંશ

નોંધવામાં આવેલ **પાંચ ઘટનાઓ પૈકી ત્રણ ઘટનામાં**, પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામેલ લોકો **અન્ય ભાષાઓમાં** બોલવા લાગ્યા હતા. સમરૂનમાં બનેલી બીજી બે ઘટનાઓમાં, આપણે કશુક અલૌકિક બન્યાનું અનુમાન લગાવીએ, અને શાઉલના કિસ્સામાં, આપણે જાણીએ છીએ કે તે પણ અન્ય ભાષાઓમાં બોલ્યો. તેથી એવું કહેવું ખોટું નથી કે નોંધવામાં આવેલ પાંચેય ઘટનાઓમાં, કશુંક અલૌકિક બન્યું છે અને પાંચ પૈકી ચાર ઘટનાઓમાં, આપણે સ્પષ્ટપણે કહી શકીએ કે જ્યારે તેઓ પવિત્ર આત્મા પામ્યા ત્યારે તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા.

**પાંચ પૈકી ત્રણ કિસ્સામાં**, લોકોને પ્રથમ પવિત્ર આત્માથી અને ત્યારબાદ પાણીથી બાપ્તિસ્મા આપવામાં આવ્યું. અને પાંચ પૈકી બે કિસ્સામાં, સમરૂન અને એફેસસમાં, લોકો પ્રથમ પાણીથી અને ત્યારબાદ પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામ્યા. તેથી એ કહેવું સલામત રહેશે કે ઈશ્વર બંને રીતે કાર્ય કરે છે, અને આ પ્રક્રિયામાં, કયું પ્રથમ અને કયું બીજું એવું કશું હોતું નથી.

પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામવાનો હેતુ સાક્ષી બનવા માટે સામર્થ્ય પ્રાપ્ત કરવાનો છે. અલૌકિક અભિવ્યક્તિઓ દ્વારા પરાક્રમ પ્રાપ્તિની પુષ્ટિ કરવામાં આવે છે, જેમ કે અન્ય ભાષાઓમાં બોલવું, જેમ આપણે જાણીએ છીએ કે તે પવિત્ર આત્માનું દાન કે આત્માની અભિવ્યક્તિ છે (1 કરિંથીઓને પત્ર 12:7-11).

તેથી, આપણે અત્રે કેટલાક સારાંશ લખીએ છીએ.

- જ્યારે પવિત્ર આત્માથી આપણું બાપ્તિસ્મા થાય છે ત્યારે, આપણને **સામર્થ્ય અને દાન બંને** પ્રાપ્ત થાય છે. ઈશ્વરનો આત્મા વિશ્વાસીને સામર્થ્ય અને પરાક્રમથી પરિધાન કરે છે અને વિશ્વાસી વ્યક્તિને આ ક્ષણથી જ તમામ નવ કૃપાદાનોથી ભરી દે છે. યાદ રાખીએ કે આ “આત્માના કૃપાદાનો” અને કોઈ વ્યક્તિવિશેષના દાન નથી. તેથી આ કૃપાદાનો પવિત્ર આત્માની મૂડી છે અને વિશ્વાસી વ્યક્તિ મારફતે તે કાર્ય કરે છે. તેને પ્રગટ કરવા માટે વિશ્વાસી વ્યક્તિએ પવિત્ર આત્માના સહકારમાં રહીને કાર્ય કરતાં શીખવું પડશે.
- જે સામર્થ્ય આપણે પ્રાપ્ત કરીએ છીએ તે ચિન્હો, અજાયબીઓ, ચમત્કારો, સાજાપણાં અને ઈશ્વરના અલૌકિક કાર્યમાં પરિણમીને **પવિત્ર આત્માના કૃપાદાનોના પ્રદર્શન દ્વારા વ્યક્ત થાય છે**.
- પ્રથમ કૃપાદાન જે સામાન્ય રીતે તરત જ જોવા મળે છે તે અન્ય ભાષામાં બોલવું. ઈશ્વર બધી જ બાબતો હેતુ સાથે કરે

છે. તેથી, આપણે અનુમાન લગાવીએ કે અન્ય અને અજાણી ભાષામાં બોલવું એ પવિત્ર આત્માના બીજા કૃપાદાનોમાં દાખલ થવાની ચાવી છે.

# 3
# સામાન્ય પ્રશ્નો

આ પ્રકરણમાં, પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિષે વિશ્વાસીઓ દ્વારા પૂછાતા સામાન્ય પ્રશ્નોના અમે જવાબ આપવા માંગીએ છીએ.

**આત્મિક નિવાસ અને બાપ્તિસ્મા–બંનેમાં શું તફાવત છે?**

જ્યારે કોઈ વ્યક્તિ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે, ત્યારે તે નવો જન્મ પામે છે. આપણે આત્માથી જન્મેલા છીએ. જેમ ગલાતીઓને પત્ર 4:6 માં લખવામાં આવ્યું છે, *"અને તમે પુત્રો છો, એ માટે ઈશ્વરે આપણાં હૃદયમાં પોતાના પુત્રનો આત્મા મોકલ્યો છે, જે 'આબ્બા, પિતા' એમ કહીને હાંક મારે છે."* આપણે પવિત્ર આત્માનું મંદિર છીએ અને ઈશ્વર આપણામાં વસે (નિવાસ કરે) છે. તો પછી, વિશ્વાસીએ પવિત્ર આત્માના બાપ્તિસ્મા પ્રાપ્ત કરવા શા માટે પ્રાર્થના કરવી જોઈએ? કેટલાક તેઓની દલીલ આ રીતે રજૂ કરે છે—"પવિત્ર આત્મા એક પૂર્ણ વ્યક્તિ છે તેથી તે ટુકડાઓમાં આવી શકતો નથી. તેથી જો તમને પવિત્ર આત્મા મળે છે તો તે પૂર્ણપણે મળે છે."

જો કે ભૌતિકતા અને આત્મિકતા વચ્ચે સામ્યતાઓ છે તો કેટલીક વિષમતાઓ પણ રહેલી છે. ભૌતિક બાબતોને આપણે જે દ્રષ્ટિથી જોઈએ છીએ તેના કરતાં આત્મિક બાબતો ઘણીવાર ભિન્ન પ્રકારની હોય છે. એ હકીકત છે કે જ્યારે આપણે ભૌતિક રીતે જોઈએ છીએ ત્યારે, વ્યક્તિને આપણે શારીરિક રીતે જોતાં હોવાથી સંપૂર્ણ રીતે જોઈએ છીએ. એવું નથી બનતું કે કોઈ વ્યક્તિ પોતાના શરીરનો કોઈ ભાગ કોઈ અન્ય જગ્યાએ મૂકીને આવે. જોકે, જ્યારે આપણે પવિત્ર આત્મા-વ્યક્તિ વિશે વિચારીએ છીએ ત્યારે ખૂબ મોટો તફાવત જોવા મળે છે. પવિત્ર

આત્મા એ એક વ્યક્તિ છે, પરંતુ આપણી માફક નથી, તે તો અનંત છે. **પવિત્ર આત્મા આવી શકે છે અને આવ્યા જ કરી શકે છે કેમ કે તે અનંત છે.** આપણને પવિત્ર આત્માની "ઘણી" જરૂર છે કારણ કે તે અનંત છે અને આપણાં જીવનોમાં આપણે તેનો કેટલો અનુભવ કરવો જોઈએ તેનો કોઈ અંત નથી હોતો.

પવિત્ર શાસ્ત્રમાં આપણે પવિત્ર આત્માના વિવિધ માપદંડો જોઈએ છીએ. આપણે જોઈએ છીએ મુસા ઉપર આવેલ આત્મા અન્ય 70 આગેવાનોમાં વહેંચાયો હતો (ગણના 11:16-30). આપણે જોઈએ છીએ કે મુસાને પ્રાપ્ત થયેલ આત્માનો—*ડહાપણનો આત્મા*—એક ભાગ યહોશુઆ પાસે હતો (પુનર્નિયમ 34:9). આપણે જોઈએ છીએ એલિયાને સ્વર્ગમાં લઈ લેવામાં આવ્યા બાદ એલિશા પર બમણી માત્રામાં પવિત્ર આત્મા હતો (2 રાજાઓ 2:9,10). યોહાન બાપ્તિસ્મા કરનારે જાહેર કર્યું હતું કે ઈસુ પાસે અમાપ પવિત્ર આત્મા છે (યોહાન 3:34).

વિશ્વાસી વ્યક્તિના જીવનમાં પવિત્ર આત્માનો વાસ અને પવિત્ર આત્માના બાપ્તિસ્મા વચ્ચેના તફાવતને નીચે આપેલ બે સંદર્ભો વડે સમજી શકાય છે.

**યોહાન 4:13,14**
**13 ઈસુએ તેને કહ્યું, "જે કોઈ આ પાણી પીએ તેને ફરી તરસ લાગશે;**
**14 પણ જે પાણી હું આપીશ, તે જે કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ. પણ જે પાણી હું તેને આપીશ તે તેનામાં પાણીનો ઝરો થશે, તે અનંતજીવન સુધી ઝર્યા કરશે."**

**યોહાન 7:37-39**
**37 હવે પર્વને છેલ્લે તથા મોટે દિવસે ઈસુએ ઊભા રહીને મોટે અવાજે કહ્યું, "જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે આવીને પીએ.**
**38 શાસ્ત્રના વચન પ્રમાણે જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે, તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે."**
**39 પણ તેમના પર વિશ્વાસ કરનારાઓને જે આત્મા મળવાનો હતો તે વિષે તેમણે એ કહ્યું; કેમ કે ઈસુને હજી મહિમાવાન કરવામાં આવ્યા ન હતા, માટે પવિત્ર આત્મા હજી [આપવામાં આવ્યો] ન હતો.**

યોહાનના 4થા અધ્યાયમાં, પ્રભુ ઈસુ ઝરા વિષે વાત કરે છે, યોહાનના 7માં અધ્યાયમાં ઈસુ નદી વિષે વાત કરે છે. ઝરો તો વિશ્વાસીઓમાં જ છે; નદી વિશ્વાસીઓમાથી વહે છે. વિશ્વાસી વ્યક્તિમાં જે ઝરો છે તે અનતજીવન લાવે છે. જે નદી વિશ્વાસી વ્યક્તિના જીવનમાથી વહે છે તે પવિત્ર આત્માની હાજરી અને પરાક્રમ છે જે બીજા લોકો માટે વિશ્વાસી વ્યક્તિ દ્વારા પ્રાપ્ય બને છે. આ એ જ પાણી છે, પરતું તેની માત્રા અને હેતુ અલગ છે. તેથી, કાર્ય કરતો આત્મા પણ એ જ છે પરંતુ તેની માત્રા અને હેતુ અલગ હોય છે.

## 1 કરિંથીઓને પત્ર 12:13 વિષે શું છે?

**1 કરિંથીઓને પત્ર 12:13**

**કેમ કે યહૂદી કે ગ્રીક, દાસ કે સ્વતંત્ર, આપણે સર્વ એક આત્માથી બાપ્તિસ્મા પામીને એક શરીરરૂપ બન્યા; અને આપણ સર્વને એક આત્માનું પાન કરાવવામાં આવ્યું છે.**

ક્યારેક, લોકો 1 કરિંથીઓને પત્ર 12:13 ટાંકીને કહે છે કે આપણ સર્વને પવિત્ર આત્માથી બાપ્તિસ્મા આપવામાં આવ્યું છે. **એક જ બાપ્તિસ્મા** છે જે તારણ આપે છે (એફેસીઓને પત્ર 4:5), પરંતુ **ઘણાં બાપ્તિસ્મા** છે અને જેનો વિશ્વાસીઓ અનુભવ કરે છે તે વિષે વિશ્વાસીઓને શિક્ષણ આપવાની જરૂર છે (હિબ્રૂઓને પત્ર 6:2).

એક બાપ્તિસ્મા, જે તારણ આપે છે, તે 1 કરિંથીઓને પત્ર 12:13 દર્શાવ્યા મુજબ એક આત્માથી બાપ્તિસ્મા પામીને એક **શરીરરૂપ બન્યા તે છે. આપણે પવિત્ર આત્માથી ખ્રિસ્તના શરીરમાં બાપ્તિસ્મા પામ્યાં છીએ.** તારણની પ્રક્રિયા દરમિયાન આવું બને છે.

**પાણીથી થતાં બાપ્તિસ્મામાં** પાણીનો ઉપયોગ બાપ્તિસ્મા આપવા માટે કરવામાં આવે છે. બીજા વિશ્વાસી વ્યક્તિ દ્વારા પાણીથી બાપ્તિસ્મા આપવામાં આવે છે. વિશ્વાસી વ્યક્તિ ઈસુ ખ્રિસ્તના નામમાં (ઈસુ ખ્રિસ્તના અધિકાર વડે), પિતા, પુત્ર અને

પવિત્ર આત્માને નામે પાણીથી બાપ્તિસ્મા આપે છે (માથ્થી 28:18-20). પ્રાથમિક રીતે, પાણીથી બાપ્તિસ્મા દરમ્યાન આપણે ઈસુ ખ્રિસ્તના શિષ્ય બનવાની જાહેરાત કરવાનું અને ઈસુ ખ્રિસ્તના નામ સાથે આપણી ઓળખાણ કરવાનું પસંદ કરીએ છીએ. તારણ પ્રાપ્ત કર્યા પછી કોઈપણ સમયે આપણે પાણીથી બાપ્તિસ્મા ગ્રહણ કરી શકીએ છીએ.

**પવિત્ર આત્માનું બાપ્તિસ્મા** પણ હોય છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કરીએ છીએ (માથ્થી 3:11; પ્રેરિતોનાં કૃત્યો 1:5,8). આ બાપ્તિસ્મા સામર્થ્ય અને શુદ્ધિકરણ માટે છે. પવિત્ર આત્માનું બાપ્તિસ્મા, જે આ પુસ્તકનો વિષય છે, તારણ પ્રાપ્તિ પછી ગમે ત્યારે કે તારણ પ્રાપ્તિ દરમ્યાન બની શકે છે જેમ પ્રેરિતોનાં કૃત્યોના 10માં અધ્યાયમાં કર્નેલિયસના ઘરમાં બન્યું તેમ.

તેથી, આ ત્રણ બાપ્તિસ્મામાં, આપણે જે તફાવત જોઈએ છીએ તે **કોણ** બાપ્તિસ્મા **કરે** છે, **કયા માધ્યમ** દ્વારા આપણું બાપ્તિસ્મા કરવામાં આવે છે અને **કયા હેતુસર** બાપ્તિસ્મા કરવામાં આવે છે. તેથી, 1 કરિંથીઓને પત્ર 12:13માં જણાવ્યા પ્રમાણે પવિત્ર આત્મામાં બાપ્તિસ્મા પ્રાપ્ત કરવું તે ખ્રિસ્તના શરીરમાં બાપ્તિસ્મા પ્રાપ્ત કરવા કરતાં જુદા પ્રકારનું છે.

## શા માટે અન્ય ભાષાઓમાં બોલવું?

એ વિચારવું થોડું રસપ્રદ લાગે છે કે અન્ય ભાષામાં બોલવા જેવા પવિત્ર આત્માના કૃપાદાનની ઈશ્વરે રચના કરી છે, જ્યારે આપણે આત્મા દ્વારા માણસોની અને દૂતોની ભાષા બોલીએ છીએ (1 કરિંથીઓને પત્ર 13:1). અને એ વિચારવું પણ રસપ્રદ છે કે પવિત્ર આત્માના બાપ્તિસ્મા બાદ વિશ્વાસી વ્યક્તિની અભિવ્યક્તિ દ્વારા ઈશ્વર સૌથીપ્રથમ આ કૃપાદાનો ઉપયોગ કરે છે. ઈશ્વર શા માટે આવું કરે છે? ઘણાંઓ માટે, "અન્ય ભાષાઓમાં બોલવું" એ તર્કસંગત મન માટે અપમાનજનક લાગે છે.

પરંતુ, આ જ એક કારણ છે કે જેના કારણે અન્ય ભાષાઓમાં બોલવું આપણે સ્વીકારવાની જરૂર છે. આપણે ઈશ્વર પર વિશ્વાસ રાખીએ. ઈશ્વરના જ્ઞાન પર વિશ્વાસ રાખીએ. આપણી સમજણથી ઉપર ઊઠીને આપણે ઈશ્વર પર વિશ્વાસ કરીએ. તેથી આપણે સરળ રીતે ઈશ્વર જે કાર્ય કરે છે તેમાં જોડાઈએ અને તેને સ્વીકારીએ. અન્ય તમામ કૃપાદાનો પ્રગટ કરવા માટે સમાન વિશ્વાસ અને આપણી પોતાની સમજણમાંથી બહાર નીકળવાની અને તેના ઉપર વિશ્વાસ કરવાની ઈચ્છાની જરૂર છે. આ ત્યારે જ શક્ય છે જ્યારે ઈશ્વરનું સામર્થ્ય તેમના કૃપાદાનો દ્વારા પ્રદર્શિત થાય છે.

## અન્ય ભાષાઓમાં બોલવું એ પવિત્ર આત્માના બાપ્તિસ્માની સાબિતી છે?

અન્ય ભાષાઓમાં બોલવાના ફાયદાઓ વિષે વધુ માહિતી મેળવવા માટે અમારા પુસ્તક **"અન્ય ભાષાઓમાં બોલવાના અદભૂત ફાયદાઓ"** વાંચવા માટે આપને વિનંતી છે. આ પુસ્તક **apcwo.org/books** પર વિનામૂલ્યે પ્રાપ્ય છે.

પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકમાં જે પાંચ બનાવો આપણે જોયા તે પછી, આ પ્રશ્નનો જવાબ "હા" છે. લોકો જ્યારે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામ્યા ત્યારે તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા. આ બાબત તદ્દન સામાન્ય અને અપેક્ષિત હતી.

બીજી બાજુ, આપણે જાણીએ છીએ તે પ્રમાણે, પવિત્ર આત્માના નવ પ્રકારના કૃપાદાનો છે. તેથી એક સામાન્ય પ્રશ્ન ઉપસ્થિત થાય તે, "જ્યારે કોઈ વિશ્વાસી વ્યક્તિ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામે ત્યારે આત્મા દ્વારા અન્ય ભાષાઓમાં બોલવા સિવાય અન્ય કોઈ કૃપાદાન પ્રગટ કરવાનું પસંદ કરે તો શું?" આ પ્રશ્ન પરત્વે અમે તદ્દન ખુલ્લા મનના છીએ અને સમજીએ છીએ કે આવુ બની શકે છે.

શું કોઈ વિશ્વાસી વ્યક્તિ માટે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કરીને અન્ય ભાષાઓમાં બોલવા સિવાય આત્માના અન્ય

કૃપાદાનો પ્રગટ કરવા શક્ય છે? ચોક્કસપણે જવાબ હા છે.

અલબત્ત, જે રીતે આપણું લક્ષ્ય છે કે વિશ્વાસી વ્યક્તિ આત્માના તમામ નવ કૃપાદાન પામે અને તેમાં નિપુણતા પ્રાપ્ત કરે, તેથી અમે હંમેશા વિશ્વાસી વ્યક્તિને ઉત્તેજન આપીએ છીએ કે તે પોતે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના કરે ત્યારે અન્ય ભાષાઓમાં બોલવાની ઈચ્છા અને અપેક્ષા રાખે. અને આ રીતે વહેલા કે પાછળથી, જે તે વ્યક્તિ, અન્ય ભાષાઓમાં બોલવાનું શરૂ કરશે. અને આપણે અહીં રોકાઈએ નહિ. આપણે તેને ઉત્તેજન આપીએ કે તે આત્માના નવ કૃપાદાનો પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે અને તે પ્રમાણે આગળ વધે.

આપણે બધાં જ વિશ્વાસીઓને અન્ય ભાષાઓમાં બોલવા માટે ઉત્તેજન આપી શકીએ કારણ કે પ્રભુ ઈસુએ કહ્યું છે કે બધાં જ વિશ્વાસીઓએ આ પ્રમાણે કરવું જોઈએ. માર્ક 16:17,18માં *“વિશ્વાસ કરનારાઓને હાથે આવા ચમત્કારો થશે:મારે નામે તેઓ દુષ્ટાત્માઓ કાઢશે, નવી બોલીઓ બોલશે; સર્પોને ઉઠાવી લેશે, અને જો તેઓ કંઈ પ્રાણઘાતક વસ્તુ પીએ, તો તેઓને કંઈ પણ ઈજા થશે નહિ. તેઓ માંદાઓ પર હાથ મૂકશે, એટલે તેઓ સાજા થશે.”*

## શું મારે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામવા માટે “વિલંબ” કરવો પડશે?

ના. આપણે વિલંબ કરવાની જરૂર નથી. હા, આપણે વિશ્વાસ અને ખાતરી સાથે પ્રાર્થના કરવી પડશે. પરંતુ, આપણે ઘણાં દિવસો સુધી“વિલંબ”કરવાની જરૂર નથી. પ્રથમ 120 શિષ્યોએ યરૂશાલેમમાં રાહ જોવી પડી તેનું કારણ પચાસમાના દિવસની વાર હતી કારણ કે ઈશ્વરે નિશ્ચિત કર્યું હતું કે તેઓ પચાસમાને દિવસે જ તેઓ પર પોતાનો આત્મા રેડી દેશે. અનુગામી કિસ્સાઓમા, આપણે જોઈએ છીએ કે લોકોએ પવિત્ર આત્માના બાપ્તિસ્મા માટે પ્રાર્થના કરી અને પ્રાર્થના દરમ્યાન જ તેઓ

પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામ્યા.

## પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પ્રાપ્ત કરવા માટે શું કોઈએ મારા માથા પર હાથ મૂકવાની જરૂર છે?

ના, આમ કરવું જરૂરી નથી. પ્રભુ ઈસુ જાતે જ આપણને પવિત્ર આત્મા વડે બાપ્તિસ્મા આપે છે. તેથી પ્રભુ કોઈ અન્ય વ્યક્તિને તમારી સાથે પ્રાર્થના કરવા માટે ઉપયોગમાં લઈ શકે છે અથવા કોઈ અન્ય વ્યક્તિ તમારા માથા પર હાથ મૂકીને પ્રાર્થના કરે તેવું કર્યા વિના પણ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા આપી શકે છે. અન્ય કોઇની પ્રાર્થના કે મદદ વિના પણ તમે વ્યક્તિગત રીતે જાતે જ પ્રાર્થના અને વિશ્વાસ વડે જ પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પ્રાપ્ત કરી શકો છો. પચાસમાને દિવસે અને કર્નેલિયસના ઘરમાં, કોઈએ તેઓના માથા પર હાથ મૂક્યા વિના જ પવિત્ર આત્મા લોકો ઉપર ઉતરી આવ્યો.

## હું પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કરવા પ્રાર્થના કરી શકું તે પહેલા શું મારે પાણીથી બાપ્તિસ્મા લેવું જરૂરી છે?

જરૂરી નથી. જેમ આપણે અગાઉ શાઉલના કિસ્સામાં અને કર્નેલિયસના ઘરમાં જે બન્યું તે જોયું તે પ્રમાણે, લોકો પ્રથમ પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામ્યા અને ત્યારબાદ, તેઓ પાણીથી બાપ્તિસ્મા પામ્યા. સમરૂન અને એફેસીમાંના વિશ્વાસીઓના કિસ્સામાં, લોકો પ્રથમ પાણીથી બાપ્તિસ્મા પામ્યા અને ત્યારબાદ, પવિત્ર આત્માથી તેઓનું બાપ્તિસ્મા થયું. તેથી ઈશ્વર બંને રીતે કાર્ય કરી શકે છે.

## શું અન્ય ભાષાઓમાં બોલેલું હંમેશા સમજવું જરૂરી છે?

પ્રેરિતોનાં કૃત્યોના 2જા અધ્યાયમાં, પચાસમાને દિવસે, આપણે જાણીએ છીએ કે ઈશ્વરના અજાયબ કાર્યોને લોકોએ પોતાપોતાની ભાષાઓમાં સાંભળ્યા. અત્રે એવી સંભાવનાને નકારી શકતા નથી કે તે દિવસે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામેલા 120 શિષ્યોમાથી કેટલાએક અન્ય ભાષાઓમાં, જેમાં પૃથ્વી પરની

અને સ્વર્ગીય ભાષાઓ શામેલ છે, બોલી શક્યા હોત કે જે સમજી શકાતી નથી. એવું કહેવું ખોટું છે કે બધાં જ 120 શિષ્યો જે લોકો હાજર હતા તેઓની જ ભાષાઓ બોલ્યા હશે. પવિત્ર શાસ્ત્રમાં જે લખેલું છે તે પ્રમાણે, જે લોકો હાજર હતા, તેઓ દરેક પોતપોતાની ભાષાઓમાં સમજ્યા. તેથી, જ્યારે 120 શિષ્યો અન્ય ભાષાઓમાં બોલ્યા ત્યારે અન્ય આજની ભાષાઓનો ઉપયોગ થવાની શક્યતાને આપણે નકારી શકતા નથી.

**પ્રેરિતોનાં કૃત્યો 2:7-11**

**7 તેઓ સર્વ વિસ્મિત થયા, અને આશ્ચર્ય પામીને એકબીજાને કહેવા લાગ્યા, "જુઓ, શું આ બધા બોલનારા ગાલીલના નથી?"**

**8 તો આપણે આપણી માતૃભાષામાં [તેઓને બોલતાં] કેમ સાંભળીએ છીએ?**

**9 પાર્થીઓ, માદીઓ, એલામીઓ, મેસોપોટેમિયાના, યહૂદિયાના, કપાદોકિયાના, પોન્તસના, આસિયાના**

**10 ફ્રુગિયાના, પામ્ફૂલિયાના, મિસરના તથા કુરેની પાસેના લિબિયાના પ્રાંતોમાંના રહેવાસીઓ તથા રોમન પ્રવાસીઓ, યહૂદીઓ તથા થયેલા યહૂદીઓ પણ,**

**11 ક્રીતીઓ તથા અરબો, આપણી પોતપોતાની ભાષાઓમાં ઈશ્વરનાં મોટાં કામો વિષે તેઓને બોલતાં સાંભળીએ છીએ."**

પવિત્ર શાસ્ત્રમાં પ્રેરિતોનાં કૃત્યોના 10 અને 19મા અધ્યાયમાં સ્પષ્ટપણે જણાવ્યુ નથી કે જ્યારે લોકો પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામ્યા ત્યારે તેઓ હાજર લોકોને સમજણ પડે તેવી ભાષાઓમાં બોલતા હતા.

બીજી બાજુ, પવિત્ર શાસ્ત્ર સ્પષ્ટપણે શિક્ષણ આપે છે કે જ્યારે આપણે અન્ય ભાષાઓમાં બોલીએ છીએ ત્યારે માનવીની અને દુતોની ભાષાઓ બોલીએ છીએ (1 કરિંથીઓને પત્ર 13:1). તેથી આ બાબત ચોક્કસપણે સૂચવે છે કે અમે એવી ભાષાઓ બોલીએ છીએ કે જે કોઈ સમજી શકતું નથી. તેથી, પ્રેરિત પાઉલ સ્પષ્ટપણે જણાવે છે કે જ્યારે આપણે અન્ય ભાષાઓમાં બોલીએ છીએ ત્યારે *"તે કોઈ સમજી શકતું નથી"* (1 કરિંથીઓને પત્ર 14:2).

**1 કરિંથીઓને પત્ર 13:1**
**જો કે હું માણસોની તથા દૂતોની પણ ભાષાઓ બોલું, પણ મારામાં પ્રેમ ન હોય, તો રણકારો કરનાર પિત્તળ કે ઝમકાર કરનાર ઝાંઝના જેવો હું થયો છું.**

**1 કરિંથીઓને પત્ર 14:2**
**કેમ કે જે કોઈ [અન્ય] ભાષા બોલે છે, તે માણસની સાથે નહિ, પણ ઈશ્વરની સાથે બોલે છે. કેમ કે કોઈ [તેનું બોલવું] સમજતું નથી. પણ આત્મામાં તે મર્મો બોલે છે.**

આપણે એ સમજવું પડશે કે જેમ પવિત્ર શાસ્ત્રમાં જોઈએ છીએ તેમ અન્ય ભાષાઓમાં બોલવાના અને પ્રાર્થના કરવાના વિવિધ ઉપયોગો છે. જેમાં નીચે જણાવેલ મુદ્દાઓનો સમાવેશ થાય છે:

1) **વ્યક્તિગત પ્રાર્થના, મધ્યસ્થી અને સુધારણા માટે અન્ય ભાષાઓ**: અન્ય ભાષાઓમાં બોલવાનો આ એક ખૂબ જ પ્રચલિત ઉપયોગ છે, જ્યારે વિશ્વાસી વ્યક્તિ અન્ય ભાષાઓમાં બોલે છે કે પ્રાર્થના કરે છે જેને પરિણામે વ્યક્તિનું આંતરિક શુદ્ધિકરણ થાય છે, વ્યક્તિ ઈશ્વર સાથે સીધી વાતચીત કરે છે અને અન્ય લોકો માટે મધ્યસ્થી કરે છે (1 કરિંથીઓને પત્ર 14:2,4; રોમનોને પત્ર 8:26,27).

2) **ભાષાંતર માટે અન્ય ભાષાઓમાં બોલવું**: આવું ત્યારે બને છે જ્યારે કોઈ વિશ્વાસી વ્યક્તિને બોધ આપવા માટે દોરવણી મળે અને તેનું ભાષાંતર થાય જેથી હાજર બધા લોકો સમજી શકે અને સુધારણા પામી શકે (1 કરિંથીઓને પત્ર 14:5,13).

3) **અન્ય ભાષામાં અવિશ્વાસીને સંકેત તરીકે**: અહીંયા વિશ્વાસી વ્યક્તિને આત્મા દ્વારા અન્ય ભાષામાં બોલવા માટે સક્ષમ કરવામાં આવે છે કે હાજર અવિશ્વાસી વ્યક્તિ સમજી શકે અને પરિણામે તેઓ ઈશ્વર વિષેનું સત્ય સાંભળે (1 કરિંથીઓને પત્ર 14:22; પ્રેરિતોનાં કૃત્યો 2:7-11).

તેથી, આ પ્રશ્ન "શું અન્ય ભાષાઓમાં બોલેલું હંમેશા સમજવું જરૂરી છે?"નો જવાબ છે, "ના, અન્ય ભાષાઓમાં બોલવું હંમેશા સમજવું જરૂરી નથી."

# 4
# આત્મા પામવા માટે પ્રાર્થના અને સૂચનાઓ

પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કરવું એ સંપૂર્ણપણે ઈશ્વરનું કાર્ય છે. આપણે તેને ઉત્પન્ન કરી શકતા નથી કે લોકોને તે માટે દબાણ પણ કરી શકતા નથી. આપણે જે કરી શકીએ છીએ તે એ કે ઈશ્વર જે કહેવા માંગે છે તે અંગે લોકોને શિક્ષણ આપીએ, લોકોની સાથે વ્યવહારુ સૂચનાઓનું આદાનપ્રદાન કરીએ અને અંતે તેઓ માટે પ્રાર્થના કરીએ. ઈશ્વર હંમેશા તેમના વચનો પ્રતિ વિશ્વાસુ છે અને ઈશ્વર તેમના લોકોને બાપ્તિસ્માનો અનુભવ કરાવશે. જેઓ તરસ્યા છે તેઓ પર ઈશ્વર પોતાનો આત્મા રેડી દે છે (યશાયા 44:3).

## ઈસુ પવિત્ર આત્મામાં બપ્તિસ્મા આપનાર છે, તેથી તેની તરફ જુઓ

બાઇબલ કહે છે કે ઈસુ આપણને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા આપશે (માથ્થી 3:11). તેથી કોઈ વ્યક્તિને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામવા માટે પાળકની કે ઈશ્વરથી અભિષિક્ત માણસની જરૂર નથી! આપણે કેવળ ઈસુને કહી શકીએ કે તેઓ આપણું પવિત્ર આત્માથી બાપ્તિસ્મા કરે અને પોતાનો આત્મા આપણાં ઉપર રેડી દે. જ્યારે ઈશ્વર પોતાનો આત્મા આપણાં પર રેડી દે છે ત્યારે સ્વર્ગીય ભાષાઓ પણ આપણાંમાં ઉતરી આવે છે. પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકમાં પણ આવું જ બને છે—દરેક સમયે જ્યારે લોકો પવિત્ર આત્માનું આચ્છાદાન પામ્યા ત્યારે કેટલીએક અલૌકિક ઘટના બની. તેઓ અન્ય ભાષાઓમાં ઈશ્વરની આરાધના કરવા લાગ્યા.

## તમે વિશ્વાસી વ્યક્તિ છો અને તમે અન્ય ભાષાઓમાં બોલી શકો છો

યાદ રાખો, એક વિશ્વાસી વ્યક્તિ તરીકે, તમે અન્ય ભાષાઓમાં બોલી શકો છો. પ્રભુ ઈસુએ કહ્યું છે કે તમે અન્ય ભાષાઓમાં બોલી શકો છો. માર્ક 16:17,18, *"વિશ્વાસ કરનારાઓને હાથે આવા ચમત્કારો થશે:મારે નામે તેઓ દુષ્ટાત્માઓ કાઢશે, નવી બોલીઓ બોલશે; સર્પોને ઉઠાવી લેશે, અને જો તેઓ કંઈ પ્રાણઘાતક વસ્તુ પીએ, તો તેઓને કંઈ પણ ઈજા થશે નહિ. તેઓ માંદાઓ પર હાથ મૂકશે, એટલે તેઓ સાજા થશે."*

## વિશ્વાસનું એક ડગલું ભરો

વિશ્વાસથી આપણે પવિત્ર આત્માના વચનો પ્રાપ્ત કરીએ છીએ. આ પવિત્ર આત્માના કૃપાદાનો છે અને તેના વચનો પામવા માટે એક સરળ વિશ્વાસની જરૂર છે.

**ગલાતીઓને પત્ર 3:13,14**

**13 ખ્રિસ્તે આપણી વતી શાપિત થઈને, નિયમના શાપથી આપણને છોડાવી લીધા, કેમ કે એમ લખેલું છે, "જે કોઈ ઝાડ ઉપર ટંગાયેલો છે તે શાપિત છે."**

**14 એ માટે કે ઇબ્રાહિમનો આશીર્વાદ ખ્રિસ્ત ઈસુમાં વિદેશીઓને મળે, અને આપણે [પવિત્ર] આત્મા વિષેનું વચન વિશ્વાસથી પામીએ.**

## તમામ ભયને નકારી કાઢો

કોઈ પ્રકારનો ભય રાખવાની જરૂર નથી કે તમે "અન્ય" કોઈ આત્મા પામશો. જ્યારે તમે પ્રભુ ઈસુને પ્રાર્થના કરો અને માંગો કે તમારું બાપ્તિસ્મા પવિત્ર આત્માથી થાય, તો બરાબર તેવું જ થશે. પ્રભુ ઈસુએ લૂક 11:11-13માં કહ્યું છે કે, *"વળી તમારામાંના કોઈ પિતાની પાસેથી જો તેનો છોકરો રોટલી માગે તો શું તે તેને પથ્થર આપશે? અથવા જો માછલી [માગે] તો શું માછલીને બદલે તે તેને સાપ આપશે? અથવા તે ઈંડું માગે તો તેને શું તે તેને વીંછું આપશે? માટે જો તમે ભૂંડા છતાં તમારાં છોકરાંને સારાં દાન આપી જાણો છો, તો આકાશમાંના પિતાની પાસેથી*

*જેઓ માગે, તેમને તે પવિત્ર આત્મા આપશે, તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે!"*

## શાંતિ રાખો, તમે ઈશ્વરને કઈક કરવા માટે રાજી કરવાનો પ્રયાસ કરી રહ્યા નથી

તમારે ઈશ્વર પાસે ભીખ માંગવાની જરૂર નથી, તેમનો હાથ મરડીને, કલાકો સુધી વાટ જોઈને, કાલાવાલા કરીને, રડીને, કે આંસુ સારીને પવિત્ર આત્મા પ્રાપ્ત કરવાનો નથી. ઈશ્વર તમારા જીવનમાં તેમના વચનો પરિપૂર્ણ કરવા માટે વિશ્વાસુ છે. ફક્ત વિશ્વાસ સાથે માંગણી કરો અને પવિત્ર આત્મા પામો! **ઈસુએ જેમ માર્ક 11:24માં કહ્યું છે તે પ્રમાણે તમારે માત્ર નિષ્ઠાવાન ઈચ્છા રાખવાની છે**, *"એ માટે હું તમને કહું છું કે, પ્રાર્થના કરતા જે સર્વ તમે માંગો છો, તે અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે."* હવે પછીની થોડી ક્ષણોમાં, જ્યારે તમે પ્રાર્થના કરો ત્યારે વિશ્વાસ રાખો કે જે ક્ષણે તમે માંગી રહ્યા છો તે તમને તે જ ક્ષણે મળી ગયું છે.

## પવિત્ર આત્મા અન્ય ભાષાઓનું કૃપાદાન આપે છે, પરંતુ તમારે તે બોલવી પડશે

**પ્રેરિતોનાં કૃત્યો 2:4**

**તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ તેઓ જુદી જુદી ભાષાઓમાં બોલવા લાગ્યા.**

જ્યારે તમે નીચે આપેલી પ્રાર્થના બોલશો, ત્યારે તમારા મોંથી જે કઈ નીકળે તે તમારે બોલવાનું છે. એ તમારો અવાજ હશે અને તમારા ગળામાથી નીકળતો અવાજ હશે. પવિત્ર આત્મા નહીં બોલે. તમારે જ બોલવાનું છે. પવિત્ર આત્મા માત્ર તમને અન્ય ભાષાઓ પૂરી પાડશે.

## ભાષા અવાજોથી બનેલી હોય છે

યાદ રાખો, અન્ય ભાષાઓમાં બોલવામાં ફક્ત અવાજ જ સમાયેલો હોય છે. જ્યારે આ અવાજ સમજી શકાય તેવા હોય

છે અને ચોક્કસ ક્રમને અનુસરે છે ત્યારે તમે અન્ય ભાષાઓમાં જે બોલો છો તે બીજાઓ સમજે છે. અન્ય ભાષાઓમાં બોલવા દરમ્યાન, આપણે માણસોની કે દૂતોની ભાષા બોલીએ છીએ. તેથી, પવિત્ર આત્મા ભાષા આપે છે (અવાજનો સંકેત કે પ્રેરણા આપે છે) અને તમારે તમારા અવાજના અવયવનો ઉપયોગ કરીને તેને વ્યક્ત કરવો પડે છે. તમે જે ભાષા શીખ્યા નથી તે મુજબના અવાજ હોવાથી તમારું મગજ આ અવાજની ભાષાને ઓળખી શકતું નથી. તમને શરૂઆતમાં એવું લાગે કે તમે કોઈ વિચિત્ર પ્રકારનો અવાજ કરી રહ્યા છો. આ પ્રકારનો અવાજ (શબ્દો) અજાણી ભાષામાં હોય છે. ચિંતા કર્યા વિના એ એમ કરવાનું ચાલુ રાખો અને અવાજ કાઢો. વિશ્વાસથી આગળ ડગલાં ભરતા રહો, અને તમને વધુ શબ્દો અને ભાષાઓ મળતા રહેશે.

## એક સમયે કોઈ એક જ ભાષા

યાદ રાખો કે કોઈ એક સમયે તમે બે ભાષા એક સાથે બોલી શકતા નથી. તેથી તમારી પોતાની જાણીતી ભાષામાં કશું પણ બોલવાનો પ્રયાસ કરશો નહિ. "યહોવાની સ્તુતિ થાઓ" કે "હાલેલૂયાહ" જેવા શબ્દો જલ્દીથી અને વારંવાર બોલવાનો પ્રયન્ત કરશો નહિ. આવું કરવાની જરૂર નથી. એમ કરવાથી પવિત્ર આત્મા તમને જે પ્રવાહમાં અન્ય ભાષાઓ બોલવા માટે જે પ્રેરણા આપવા માંગે છે તેમાં વિક્ષેપ પેદા થશે. તેને બદલે, પ્રાર્થના કર્યા પછી, વિશ્વાસથી એક ડગલું માંડો અને નવી ભાષામાં બોલો. ઈસુએ કહ્યું છે કે તમે આમ કરી શકશો. તેથી તમે જરૂર કરી શકશો!

## ઈશ્વર આત્માના મનને સમજે છે (બધી ભાષાઓમાં)

ઈશ્વર, જે તમારા હૃદયમાં નિહાળે છે, તેઓ સમજે છે કે પવિત્ર આત્મા તમારા દ્વારા કયું કાર્ય કરી રહ્યો છે.

**રોમનોને પત્ર 8:27**
**અને આત્માની ઈચ્છા શી છે તે અંતર્યામી જાણે છે, કેમ કે તે પવિત્રોને માટે ઈશ્વર[ની ઈચ્છા] પ્રમાણે વિનંતી કરે છે.**

હકીકતો વિષે ચિંતા કરશો નહિ કે તમે જે બોલો છો તે તમને સમજતા નથી. પ્રેરિત પાઉલે આપણને સાચે જ કહ્યું છે કે જ્યારે આપણે આત્મામાં પ્રાર્થના કરી છીએ ત્યારે આપણો આત્મા પ્રાર્થનામાં પવિત્ર આત્માથી સશકત બની જાય છે, અને આપણી સમજણ નકામી બની જાય છે, *"કેમ કે જો હું [અન્ય] ભાષામાં પ્રાર્થના કરું, તો મારો આત્મા પ્રાર્થના કરે છે ખરો, પણ મારી સમજશક્તિ નિષ્ફળ છે"* (1 કરિંથીઓને પત્ર 14:14). ઈશ્વર બરાબર સમજે છે કે પવિત્ર આત્મા તમારા દ્વારા શું પ્રગટ કરી રહ્યો છે અને આ જ બાબત અગત્યની છે.

## પ્રાર્થના

પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કરવા માટે તમને મદદરૂપ થવાના હેતુસર અત્રે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે. ત્યારબાદ વિશ્વાસથી આગળ વધો અને પવિત્ર આત્મા તમને દોરે તે પ્રમાણે અન્ય ભાષાઓમાં બોલો.

*પ્રિય પ્રભુ ઈસુ, હું વિશ્વાસી વ્યક્તિ છું. હું પ્રાર્થના કરું છું કે તમે મારૂ પવિત્ર આત્માથી બાપ્તિસ્મા કરો કે જેથી હું તમારે માટે સાક્ષી બનવા સામર્થ્ય પ્રાપ્ત કરું.*

*સ્વર્ગીય પિતા, હું ઈસુના નામમાં માંગુ છું, કૃપા કરી તમારી ખાતરી પ્રમાણે છેલ્લા દિવસોમાં તમારો આત્મા મારા પર રેડી દો.*

*વિશ્વાસથી, હવે હું પવિત્ર આત્માના તમામ કૃપાદાનો સાથે પવિત્ર આત્માનું ભરપુરીપણું પ્રાપ્ત કરૂં છું. હવે પવિત્ર આત્મા મારા ઉપર છે અને તેના કૃપાદાનો મારામાં છે અને સ્થાયી થયા છે. પ્રભુ ઈસુ, તમારો પુષ્કળ આભાર.*

*હું વિશ્વાસી વ્યક્તિ છું તેથી હું હવે પવિત્ર આત્મા જે પ્રમાણે મને શક્તિ આપે છે તે પ્રમાણે નવી ભાષાઓ બોલું છું. પવિત્ર આત્માના અન્ય કૃપાદાનો મને પ્રાપ્ત થાય તેવી પણ પ્રાર્થના કરૂં છું. પ્રભુ ઈસુ, તમારો પુષ્કળ આભાર.*

*પવિત્ર આત્મા, પધારો!*

પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કર્યા પછી, પવિત્ર આત્માના અન્ય કૃપાદાનો વિષે આપ વધુ શિક્ષણ પ્રાપ્ત કરો તે માટે અમે તમને ઉત્તેજન આપીએ છીએ કે જેથી તમે શીખી શકો કે પવિત્ર આત્માના બધા કૃપાદાનો પ્રગટ કરવા માટે કેવી રીતે તેને વળગી રહેવું. આ કૃપાદાનો વડે તમે લોકોની સેવા કરો છો અને તેઓને બોધ પણ આપી શકો છો. તમે સામર્થ્ય સાથે ઈસુના સાક્ષી બનશો. ઈસુ ખ્રિસ્તને મહિમા મળશે!

# 5
# અભિષિક્ત, ભરપુરીપણું અને આત્મામાં ચાલવું

વિશ્વાસી વ્યક્તિના જીવનમાં પવિત્ર આત્માના કાર્ય સંબંધી નવા કરારમાં વિવિધ શબ્દો અને અભિવ્યક્તિઓ આપણે જોઈએ છીએ. આપણે જે પરિભાષાનો ઉપયોગ કરવા માંગીએ છીએ તેમાં સ્પષ્ટતા જાળવવામાં મદદરૂપ થઈ શકે તેવી કેટલીક સંક્ષિપ્ત ટિપ્પણીઓ અમે રજૂ કરી છે. કૃપા કરી ધ્યાન આપશો કે બધી જ પરિભાષાની આ સંપૂર્ણ સમજણ નથી. આ બાબતને સંપૂર્ણ રીતે સમજવા માટે બીજા એક પુસ્તકની જરૂર પડશે.

ઉપલી મેડીમાં 120 શિષ્યોને જે અનુભવ થયો તેને *પવિત્ર આત્માના **બાપ્તિસ્મા*** (પ્રેરિતોનાં કૃત્યો 1:5). તરીકે જોવામાં આવે છે. આપણે એ પણ જોઈએ છીએ કે તેઓ *પવિત્ર આત્માથી **ભરપૂર*** થયા (પ્રેરિતોનાં કૃત્યો 2:4). ફરીથી, સમરૂનમાં, શિષ્યોએ પ્રાર્થના કરી કે વિશ્વાસીઓ પર પવિત્ર આત્માનું **"આચ્છાદન"** થાય અને તેઓ *પવિત્ર આત્મા **પામે*** (પ્રેરિતોનાં કૃત્યો 8:16,17). એ જ રીતે આપણે જોઈએ છીએ કે કર્નેલિયસના ઘરમાં એકઠા થયેલા લોકો, અને જે રીતે પિતરે બોધ કર્યો, તે રીતે તેઓ સર્વ પવિત્ર આત્માથી **બાપ્તિસ્મા** પામ્યા (પ્રેરિતોનાં કૃત્યો 11:15-17). તેઓ સર્વ ઉપર પવિત્ર આત્મા ***ઉતરી*** આવ્યો અને તેઓ પવિત્ર આત્માથી ***ભરપૂર*** થયા (પ્રેરિતોનાં કૃત્યો 10:44,45). તેથી જ્યારે વિશ્વાસીઓનું બાપ્તિસ્મા પવિત્ર આત્માથી થયું ત્યારે તે જ ક્ષણે તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થયા, પવિત્ર આત્મા તેઓ પર ઉતરી આવ્યો અને તેઓ ઉપર આત્મા રેડી દેવામાં આવ્યો. જ્યારે કોઈ વિશ્વાસી વ્યક્તિ પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામે છે ત્યારે જે કઈ બને છે તે દર્શાવવા માટે આ પ્રકારની અભિવ્યક્તિઓ

પ્રમાણિત માનવામાં આવે છે.

## એક બાપ્તિસ્મા, ઘણાબધા ભરપુરીપણા

પ્રેરિતોનાં કૃત્યોના સમગ્ર પુસ્તકમાં આપણે જે જોઈએ છીએ તે એ કે તેઓ એ જ વિશ્વાસીઓ હતા જેઓનું પવિત્ર આત્માથી બાપ્તિસ્મા થયું હતું અને તેઓ વારંવાર પવિત્ર આત્માથી ભરપૂર થતાં હતા અને તેઓને પવિત્ર આત્મા ભરપુરીપણામાં પ્રાપ્ત થતો હતો.

**પ્રેરિતોનાં કૃત્યો 4:8**
**ત્યારે પિતરે પવિત્ર આત્માથી ભરપૂર થઈને તેઓને કહ્યું કે,"ઓ લોકોના અધિકારીઓ તથા વડીલો,**

**પ્રેરિતોનાં કૃત્યો 4:31**
**તેઓ પ્રાર્થના કરી રહ્યા ત્યારે જે મકાનમાં તેઓ ભેગા થયા હતા તે હાલ્યું; તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને ઈશ્વરની વાત હિંમતથી બોલવા લાગ્યા.**

**પ્રેરિતોનાં કૃત્યો 6:3**
**માટે, ભાઈઓ, તમે પોતાનામાંથી [પવિત્ર] આત્માથી તથા જ્ઞાનથી ભરપૂર એવા સાત પ્રતિષ્ઠિત માણસોને શોધી કાઢો કે, જેઓને અમે એ કામ પર નીમીએ.**

**પ્રેરિતોનાં કૃત્યો 6:5**
**એ વાત આખી મંડળીને સારી લાગી; અને વિશ્વાસથી તથા પવિત્ર આત્માથી ભરપૂર એવા સ્તેફન નામના એક માણસને, ફિલિપને, પ્રોખરસને, નિકાનોરને, તિમોનને, પાર્મિનાસને તથા અંત્યોખના યહૂદી થયેલા નિકોલસને તેઓએ પસંદ કર્યા.**

**પ્રેરિતોનાં કૃત્યો 7:55**
**પણ પવિત્ર આત્માથી ભરપૂર થઈને તેણે આકાશ તરફ એકી નજરે જોઈ રહેતાં, ઈશ્વરનો મહિમા તથા ઈશ્વરને જમણે હાથે ઈસુને ઊભેલો જોયા.**

**પ્રેરિતોનાં કૃત્યો 11:24**
**કેમ કે તે સારો માણસ હતો, અને પવિત્ર આત્માથી તથા વિશ્વાસથી ભરપૂર હતો, અને ઘણા લોકો પ્રભુ [ની મંડળી] માં ઉમેરાયા.**

**પ્રેરિતોનાં કૃત્યો 13:9**
**પણ શાઉલે (તે પાઉલ પણ કહેવાય છે) પવિત્ર આત્માથી ભરપૂર થઈને તેની સામે એકી નજરે જોઈને કહ્યું,**

**પ્રેરિતોનાં કૃત્યો 13:52**
**શિષ્યો આનંદથી તથા પવિત્ર આત્માથી ભરપૂર હતા.**

પ્રેરિત પાઉલ, તેણે મંડળીઓને લખેલા પત્રોમાં, પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામેલા (પવિત્ર આત્માથી ભરપૂર) વિશ્વાસીઓને સંબોધીને તેઓને સૂચના આપે છે કે તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થાય, તેઓ આત્મામાં ચાલે અને આત્મામાં જીવન જીવે.

**એફેસીઓને પત્ર 5:18-21**
**18 મદ્યપાન કરીને મસ્ત ન થાઓ, એ દુર્વ્યસન છે, પણ [પવિત્ર] આત્માથી ભરપૂર થાઓ.**
**19 ગીતોથી, સ્તોત્રોથી તથા આત્મિક ગાનોથી એકબીજા સાથે વાતો કરીને તમારા હૃદયમાં પ્રભુનાં ગાયનો તથા ભજનો ગાઓ.**
**20 આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે સર્વને માટે ઈશ્વર પિતાની આભારસ્તુતિ નિત્ય કરજો.**
**21 ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને આધીન રહો.**

**ગલાતીઓને પત્ર 5:16,22-25**
**16 પણ હું કહું છું કે, આત્માથી ચાલો, એટલે તમે દેહની વાસના તૃપ્ત કરશો નહિ.**
**22 પણ [પવિત્ર] આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું,**
**23 નમ્રતા તથા સંયમ છે; એવાની વિરુદ્ધ કોઈ નિયમ નથી.**
**24 જેઓ ખ્રિસ્તના છે, તેઓએ દેહને તેના વિષયો તથા ઈચ્છાઓ સુદ્ધાં વધસ્તંભે જડયો છે.**
**25 જો આપણે આત્માથી જીવીએ છીએ તો આત્માથી ચાલવું પણ જોઈએ.**

જ્યારે પવિત્ર આત્માથી આપણું બાપ્તિસ્મા થાય છે, ત્યારે તે જ ક્ષણે આપણે પવિત્ર આત્માથી અભિષિક્ત થઈને ભરપૂર થઈએ છીએ. પવિત્ર આત્માથી ભરપૂર થઈને વિશ્વાસીઓ મધ્યે

આપણે દરેક કેવી રીતે જીવન જીવીએ છીએ તેને અસર કરતાં પવિત્ર આત્માના કામ બોલીએ છીએ. તેનો સંબંધ આપણાં જીવન અને આચરણ સાથે છે. પવિત્ર આત્માથી અભિષિક્ત થવું એ પવિત્ર આત્માના કાર્ય સાથે સંકળાયેલું છે જે આપણને સેવા માટે સશક્ત બનાવે છે, જે આપણાં કાર્યને અસર કરે છે. તેથી પવિત્ર આત્માનું બાપ્તિસ્મા ભરપુરીપણા અને અભિષિક્તતામાં પરિણમે છે. પવિત્ર આત્માથી બાપ્તિસ્મા એટલે ભરપુરીપણા અને અભિષિકતા પ્રાપ્ત થતાં હોવા છતાં, આપણે જોઈએ છીએ આ બંને બાબતોને "જીવંત" રાખવી પડે છે.

## આત્માથી ભરપૂર થઈને ચાલવું અને જીવવું

ઉપર આપેલા પવિત્ર શાસ્ત્રના વચનો પરથી આપણે જોઈએ છીએ કે આપણે પવિત્ર આત્માના બાપ્તિસ્મા દરમ્યાન પવિત્ર આત્માથી ભરપૂર થઈએ છીએ, પરંતુ આપણે પવિત્ર આત્માથી ભરપૂર બન્યા રહેવાનુ છે અને તે પ્રક્રિયા ચાલુ જ રહેવી જોઈએ. આપણે સતત અને વારંવાર પવિત્ર આત્માથી ભરપૂર થયા કરવાનું છે. આવું કરવું પડે છે કારણ કે આત્મા અને દેહ વચ્ચે હંમેશા અને સતત સંઘર્ષ ચાલ્યા જ કરે છે (ગલાતીઓને પત્ર 5:17). જો હું દેહને કાર્ય કરવા દઉં તો તેનો હાથ ઉપર ઊઠે છે, અને તેથી હું આત્માથી "ઓછો ભરપૂર" બની જાઉં છું, આવું બને છે, એક હદ સુધી આત્માનો પ્રભાવ મારા જીવન પર ઓછો થઈ જાય છે. પરંતુ જો હું હંમેશા આત્માથી ભરપૂર જ રહું, તો દેહ આત્માની આધીનતામાં રહે છે. પણ હું કહું છું કે, આત્માથી ચાલો એટલે તમે દેહની વાસના તૃપ્ત કરશો નહિ. માં *"આત્મામાં ચાલે છીએ"* (ગલાતીઓને પત્ર 5:16) અને માં *"આત્મામાં જીવીએ છીએ"* (ગલાતીઓને પત્ર 5:25). જે વ્યક્તિ આત્માથી ભરપૂર છે તે ડહાપણ, વિશ્વાસ, અભારસ્તુતિથી ચાલે છે, ઈશ્વરની સ્તુતિના ભજનો ગાય છે, આધીનતામાં જીવે છે, આત્માના ફળને પ્રગટ કરે છે (ગલાતીઓને પત્ર 5:22,23) અને દેહની વાસનાની પાપી ઈચ્છાઓ પર વિજય પ્રાપ્ત કરે છે (ગલાતીઓને પત્ર 5:16,24). આત્માથી ભરપૂર થવા માટે આપણે આપણાં હૃદયોને શુદ્ધ અને મુક્ત રાખવાની જરૂર છે.

1 યોહાનનો પત્ર 1:7,9 પ્રમાણે તમારા પાપોને કબૂલ કરો ઈશ્વરની શુદ્ધતાને તરત જ પામો. તમને લાગે કે ક્યાંક ભૂલ થઈ છે તો તરત જ માફી માંગો. ઈશ્વરના આત્માને આમંત્રણ આપો કે તે તમારા હૃદયને ભરી દે. તમારું સંપૂર્ણ સમર્પણ ઈશ્વરને કરી દો. આત્માને આવકારો. આત્માની સાથે સંવાદ કરવાનું ચાલુ રાખો. આ બાબતો આપણને “સક્રિય” રાખે છે અને આત્માથી ભરેલા રાખે છે. આત્માથી જીવો અને આત્માથી ચાલો.

## અભિષિક્ત

જ્યારે પવિત્ર આત્માથી આપણું બાપ્તિસ્મા થાય છે ત્યારે આત્માથી આપણે અભિષિક્ત પણ થઈએ છીએ. અભિષિક્ત થવું એટલે પવિત્ર આત્માનું આચ્છાદન આપણાં ઉપર હોય અને ઈશ્વર આપણાં દ્વારા જે કાર્ય કરવા માંગે છે તે કરવા સક્ષમ હોવું (લૂક 4:17-19; પ્રેરિતોનાં કૃત્યો 10:38). આપણે ખ્રિસ્તમાં સ્થિર થયેલા અને દરેક સમયે પવિત્ર આત્માથી અભિષિક્ત છીએ (2 કરિંથીઓને પત્ર 1:21). અને છતાં જે રીતે આપણે દરેક સમયે કાર્ય કરતાં હોતા નથી, તેથી આપણું અભિષિક્તપણું દરેક સમયે “સક્રિય” હોતું નથી. જ્યારે પવિત્ર આત્મા તેનું કાર્ય કરવા માટે આપણાં ઉપર પોતાનું આચ્છાદન કરે છે અને પોતાનું સામર્થ્ય વહેતું કરે છે કે જેથી ઈશ્વર પોતાનું જે કાર્ય આપણાં દ્વારા કરે (ઈશ્વર તમને જે કરવા કહે છે તે દરેક માટે અભિષિક્ત કરે છે), તે સમયે આપણે કહીએ છીએ કે આપણે અભિષિક્ત છીએ (અભિષિક્તપણું “સક્રિય” થાય છે). અભિષિક્તપણું એ વિશ્વાસી વ્યક્તિ દ્વારા પ્રગટ થતું **પવિત્ર આત્માનું સામર્થ્ય દર્શાવે છે.** ક્યારેક પવિત્ર આત્મા આની શરૂઆત કરે છે. પવિત્ર આત્મા આપણાં પર વહે છે અને આપણે કાર્ય કરીએ છીએ. કેટલાક સમયો હોય છે જ્યારે આપણે કાર્ય શરૂ કરીએ છીએ અને પવિત્ર આત્માનું અભિષિક્તપણું વહેવા લાગે છે. પવિત્ર આત્માના કૃપાદાનો માધ્યમ (સાધન) છે જેના વડે પવિત્ર આત્માનું અભિષિક્તપણું (સામર્થ્ય) લોકોને સેવા આપવા માટે પ્રગટ થાય છે. અભિષિક્તપણાના વિવિધ સ્તર હોય છે. કેટલાક સમયે આપણે અન્ય સમયો કરતાં“વધુ અભિષિક્ત” હોય શકીએ

**છીએ. સામર્થ્યનું સ્તર જે પ્રગટ થાય છે તે જે તે ક્ષણે પ્રવર્તમાન અને સક્રિય અભિષિક્તપણાના પ્રમાણમાં હોય છે.**

આપણે સતત પવિત્ર આત્માથી ભરપૂર રહેવાનુ છે. જે સમયે આપણે સેવા (ઈશ્વરે આપણને જે કાર્ય કરવા માટે તેડું આપ્યું છે તે) કરીએ છીએ તે સમય દરમ્યાન સતત આપણે પવિત્ર આત્માના અભિષિક્તપણા હેઠળ રહેવાનુ છે. તેથી, આ સમજણ સાથે, પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રારંભિક અને પુનરાવર્તિત બંને છે. પવિત્ર આત્માનું બાપ્તિસ્મા આપણે એક જ વખત લઈએ છીએ, પરંતુ આપણે વારંવાર અને અસંખ્યવાર ભરપૂર અને અભિષિક્ત થઈએ છીએ.

## બાહ્ય અભિષિક્તપણું અને આંતરિક અભિષિક્તપણું

અત્રે નોંધવું જોઈએ કે "બાહ્ય અભિષિકતપણા" અને "આંતરિક અભિષિક્તપણા" વિષે આપણે ગેરસમજ રહેવાની જરૂર નથી. "બાહ્ય અભિષિક્તપણું" એટલે પવિત્ર આત્મા આપણાં પર ઉતરી આવીને સેવા કરવા માટે આપણને સક્ષમ બનાવે છે. જ્યારે "આંતરિક અભિષિક્તપણું" એટલે પવિત્ર આત્મા આપણાં અંતર (હૃદય)માં વસે છે અને પોતાનું કાર્ય કરીને આપણું ખ્રિસ્તસમાન રૂપાંતર કરે છે. તેથી, 1 યોહાનનો પત્ર 2:20,27 માં જેમ લખવામાં આવ્યું છે તેમ પવિત્ર આત્મા વિશ્વાસી વ્યક્તિના અંતરમાં કાર્ય કરે છે (આંતરિક અભિષિક્તપણું).

**1 યોહાનનો પત્ર 2:20,27**

**[20] જે પવિત્ર છે તેમનાથી તમે અભિષિક્ત થયા છો, અને તમે બધું જાણો છો.**
**[27] વળી તેમણે તમને જે અભિષેક કર્યો તે તમારામાં રહે છે, અને કોઈ તમને શીખવે એવી કંઈ અગત્ય નથી; પણ જેમ તેમનો અભિષેક તમને સર્વ બાબતો વિષે શીખવે છે ને તે સત્ય છે, જૂઠા નથી; ને જેમ તેમણે તમને શીખવ્યું, તેમ તમે તેમનામાં રહો.**

# શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓ અને દુ:ખીઓને સાજા કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદ્ભુત બાબતો કરી.

**આ દરેક કાર્યો આપણને દર્શાવે છે ઈશ્વર ભલા ઈશ્વર છે જે ચાહે છે કે બધા જ લોકો સારું, સંપૂર્ણ, તંદુરસ્ત અને સુખી જીવન જીવે. ઈશ્વર ચાહે છે કે બધા જ લોકોની જરૂરિયાતો પૂરી પડાય.**

તો શા માટે ઈશ્વરે માનવ બનીને આ જગતમાં આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આવ્યા?

આપણે દરેકે પાપ કર્યું છે અને ઈશ્વર કે જેણે આપણું સૃજન કર્યું તેની સમક્ષ અસ્વીકાર્ય કાર્યો કર્યા છે. પાપના પરિણામો નક્કી જ છે. પાપ એ આપણી અને ઈશ્વરની વચ્ચે અભેદ દીવાલ સમાન છે. પાપ આપણને ઈશ્વરથી જુદા કરે છે અને જેમણે આપણું સર્જન કર્યું છે તેવા ઈશ્વરને પારખવાથી અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. અને તેથી ઘણાં લોકો આ ખાલી જગ્યાને અન્ય બાબતોથી ભરવા માટે પ્રયાસ કરે છે.

આપણાં પાપનું અન્ય એક પરિણામ ઈશ્વરથી અનંતકાળીક વિચ્છેદ છે. ઈશ્વરના ન્યાયાલયમાં, પાપની સજા મૃત્યુદંડ છે. મૃત્યુ-સદાને માટે નરકમાં ઈશ્વરથી વિચ્છેદ છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે, ***"કેમ કે પાપનો મુસારો મરણ છે, પરંતુ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં દેવનું***

*કૃપાદાન અનંતજીવન છે"* **(રોમનને પત્ર 6:23).** જ્યારે ઇસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર જગતના પાપોને સારું ખંડણી ભરી દીધી છે. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, ઘણાઓને પોતે જીવંત છે તે બતાવ્યુ અને ત્યાર પછી પાછા સ્વર્ગમાં જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને દયા કરવામાં ભલા છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નરકમાં જાય. અને તેથી, તેઓ સમગ્ર માનવજાતને પાપથી છુટકારો પામવાનો રસ્તો અને એના અનંતકાળીક પરિણામો બતાવવા આવ્યા. તેઓ પાપીઓને બચાવવાને—તમારા અને મારા જેવા લોકોને પાપથી છોડાવવા અને અનંતકળીક મૃત્યુથી બચાવવા આવ્યા.

પાપોની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે કે આપણે કેવળ એક જ કામ કરવાનું છે—પ્રભુ ઇસુએ વધસ્તંભ જે કાર્ય કર્યું તેને સ્વીકારી લેવું અને તેમના પર પૂરા હ્રદયથી વિશ્વાસ કરવો.

***"... જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે."*** **(પ્રેરિતોના કૃત્યો 10:43).**

***"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ તો તું તારણ પામીશ."*** **(રોમનોને પત્ર 10:9).**

જો તમે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમે પણ તમારા પાપની માફી અને શુદ્ધતા પામી શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુએ તમારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને પ્રભુ ઇસુએ તમારે માટે જે કર્યું છે સ્વીકારવાની અભિવ્યક્તિમાં અને પાપોની માફી તથા શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થશે. આ પ્રાર્થના માત્ર એક માર્ગદર્શિકા છે. તમે તમારા પોતાના શબ્દોમાં પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, તમે મારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેને હું આજે સમજ્યો છું. તમે મારે માટે મરણ પામ્યા. તમે તમારું મૂલ્યવાન રક્ત મારે માટે વહેવડાવ્યું અને મારા પાપોની ખંડણી ભરી કે જેથી મને મુક્તિ મળે. બાઇબલ મને કહે છે કે જે કોઈ તમારા નામ વિશ્વાસ કરે છે*

તે તેના પાપોથી છુટકારો પામે છે.

આજે, મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કર્મો વડે મારી જાતને બચાવવામાં અસમર્થ છું, અને અન્ય કોઈ મનુષ્ય મને બચાવી શકતો નથી કે મારા પાપોને માટે કિંમત ચૂકવી શકતો નથી.

આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરું છું અને મારે મોઢે કબુલ કરું છું કે તમે મારે માટે મરણ પામ્યા, તમે મારા પાપોને માટે ખંડણી ચૂકવી છે, તમે મરણમાંથી સજીવન થયા છો, અને તમારા પરના વિશ્વાસ થકી, મને મારા પાપોની ક્ષમા અને શુદ્ધિકરણ પ્રાપ્ત થાય છે.

પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ પારખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદ કરો.

આમેન

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠું અને પ્રકાશ બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક **ઇસુ પ્રેમી**, **વચન કેન્દ્રિત**, **આત્માથી ભરપૂર**, કૌટુંબિક મંડળી, સજ્જતાનું કેન્દ્ર, મિશન કેન્દ્રની સેવા આધારિત અને એક વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન છે.

- **કૌટુંબિક મંડળી તરીકે**, અમે ખ્રિસ્ત કેન્દ્રિત સંગત સમાજ તરીકે, ઈશ્વરની મંડળી તરીકે એકબીજાની કાળજી લઈને અને સેવા કરીને સાથે મળીને વૃદ્ધિ પામીએ છીએ.
- **સજ્જતાના કેન્દ્ર તરીકે**, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન ચારિત્ર્યમાં પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે સક્ષમ અને સજ્જ કરીએ છીએ.
- **મિશન કેન્દ્ર તરીકે**, અમારા શહેર, દેશ અને વિદેશોને ઈશ્વરના વચનો અને પવિત્ર આત્માના અલૌકિક પ્રકટીકરણ વડે ઇસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા સાથે આશીર્વાદિત કરવા અમે અર્થપૂર્ણ સેવા કરવામાં લાગેલા છીએ.
- **વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન તરીકે**, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓનું પોષણ કરીએ છીએ જે તેઓના વિસ્તારોને ઈશ્વરના રાજ્ય માટે પ્રભાવિત કરે.

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચનને કોઈપણ જાતનું સમાધાન કર્યા વિના સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, રચનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, આધુનિક તકનીકી સાધનો, અને વિગેરે, પવિત્ર આત્માના સામર્થ્યમાં ચિન્હો, ચમત્કારો, આશ્ચર્યકારક કાર્યો અને કૃપાદાનો થકી ઈશ્વર દ્વારા અભિષિક્ત વચન પ્રગટ કરવાના અભિગમનું સ્થાન લઈ શકે નહિ (1 કરિન્થિઓને પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુદ્રાલેખ ઇસુ છે, અમારી સામગ્રી વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ લોકો છે અને અમારો ઉદ્દેશ ખ્રિસ્તસમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકની સાથે, ઓલ પીપલ્સ ચર્ચની ભારતભરમાં અન્ય ઠેકાણે પણ મંડળીઓ છે. વર્તમાન યાદી પ્રાપ્ત કરવા માટે ઓલ પીપલ્સના સેવાના કેન્દ્રોનો સંપર્ક કરવા માટે, કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/locations મુલાકાત લેશો અથવા અમને contact@apcwo.org. આ સરનામે ઇ મેઈલ પણ કરી શકો છો.

# વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Interpreting Scripture
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Praying in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work—Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/books** ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/sermons** ની મુલાકાત લેશો.

# કવચયુક્ત સલાહ

કવચયુક્ત સલાહ વ્યક્તિગત સલાહ પૂરી પાડે છે જે લોકોને જીવનના પડકારોનો સામનો કરવા અને તેની પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. કવચયુક્ત સલાહ એક વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની ટીમ છે.

અમારી સેવાઓ દરેક વયજૂથના લોકો માટે છે અને જીવનના વિવિધ પડકારોને ઉદ્દેશીને આપવામાં આવે છે.

- **કિશોરાવસ્થા**
- **વ્યક્તિગત અનુકૂળતા**
- **સંબધોમાં પડકારો**
- **શૈક્ષણિક ઓછી સિદ્ધિ**
- **કામ સંબંધિત સમસ્યાઓ**
- **કુટુંબ / દંપતિ: લગ્ન પહેલા/ લગ્ન પછી**
- **માતા-પિતા / બાળકો / ભાઈ-બહેન/ સહકર્મી**
- **વર્તણૂક સબંધી વિકૃતિઓ**
- **વ્યક્તિત્વ સબંધી વિકૃતિઓ**
- **મનોવૈજ્ઞાનિક / ભાવનાત્મક પ્રશ્નો**
- **તણાવ / પ્રતિશોધ**
- **દારુ / માદક પદાર્થ અપરાધ**
- **આધ્યાત્મિક સમસ્યાઓ**
- **જીવન માર્ગદર્શન**

કવચયુક્ત સલાહની ફી વ્યાજબી છે અને અમારા કોઈપણ તાલિમબદ્ધ સલાહકાર સાથે અગાઉથી મુલાકાત નક્કી કરીને મેળવી શકાય છે.

**વેબસાઇટ** : **chrysalislife.org**
**ફોન:** +91-80-25452617 અથવા ટોલ ફ્રી (સંપૂર્ણ ભારતમાંથી) 1-800-300-00998
**ઈમેલ: counselor@chrysalislife.org**

કવચયુક્ત સલાહ કેન્દ્ર ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચની એક સેવા છે.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ એક સ્થાનિક મંડળી તરીકેની પોતાની સીમાઓની બહાર જઈને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, ખાસ રીતે (1) આગેવાનોનું સશક્તિકરણ, (2) સેવાને માટે યુવાનોને સજ્જ કરવા, (3) ખ્રિસ્તના શરીર (મંડળી)નું બાંધકામ, સાથે ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની સેવાઓ આપે છે. વર્ષ દરમ્યાન 'ખ્રિસ્તી આગેવાનો માટેની પરિષદ' અને યુવાનોની તાલીમ માટેના સંખ્યાબંધ સેમિનાર રાખવામાં આવે છે. વધુમાં, વિશ્વાસીઓને વચન અને આત્મામાં સજ્જ કરવાના હેતુસર હજારોની સંખ્યામાં અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં વિવિધ પ્રકાશનોની નકલોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

અમે આપને એકવારના કે માસિક નાણાકીય દાનો માટે સહભાગીદારી કરવા આમંત્રણ આપીએ છીએ. સમગ્ર ભારતમાંથી આપનું કોઈપણ દાન જે આપ અમને સહાયરૂપ થવાના હેતુસર મોકલો છો તેની અમે પુષ્કળ કદર કરીએ છીએ.

આપ આપના દાનો અમને અમારી ઓફિસના સરનામે “ઓલ પીપલ્સ ચર્ચ”ની તરફેણમાં ચેક/બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે મોકલી શકો છો. અથવા તો, આપ આપના દાનો અમારા બેન્ક ખાતામાં સીધા જમા કરાવીને પણ આપી શકો છો. નીચે અમારા બેન્ક ખાતાની વિગતો આપેલી છે.

**અકાઉન્ટ નમ્બર**: All Peoples Church
**અકાઉન્ટ નમ્બર**: 50200068829058
**IFSC કોડ**: HDFC0004367
**બેંક**: HDFC Bank, 7M/308 80 Ft Rd, HRBR Layout, Kalyan Nagar, Bengaluru, Karnataka - 560043

***કૃપા કરીને નોંધ લેશો:*** *ઓલ પીપલ્સ ચર્ચ માત્ર ભારત ખાતેની બેન્કોના બેન્ક ખાતા દ્વારા નાણાકીય સહયોગ સ્વીકારી શકે છે. આપનો નાણાકીય સહયોગ આપતી વખતે જો આપ ઈચ્છો તો, અમારી કઈ ચોક્કસ સેવા માટે આપના સહયોગનો ઉપયોગ થાય તે આપ દર્શાવી શકો છો.* વધુ માહિતી માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/give** ની મુલાકાત લેશો.

અને હા, કૃપા કરી અમારી સેવાઓ માટે જ્યારે પણ આપને અનુકૂળ હોય ત્યારે અવશ્ય પ્રાર્થના કરશો.

**તમારો આભાર અને ઈશ્વર તમને આશિર્વાદ આપે!**


## DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play




***A daily 5-minute video devotional.***
***A daily Bible reading and prayer guide.***
***5-minute Sermon summary.***
***Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.***
***Resources with sermons, sermon notes, TV programs, books, music and more.***

***IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!***

# निःशुल्क ऐप डाउनलोड करें:

**ऐप स्टोर या प्ले स्टोर में खोजें**
**“ऑल पीपुल्स चर्च (APCWO)”/**
**All Peoples Church Hindi**

Available on the App Store

ANDROID APP ON Google Play




*विश्वास को मजबूत करने और सुसमाचार साझा करने के लिए विभिन्न विषयों पर आधारित वचनों के टूलकिट।*
*उपदेशों, टीवी कार्यक्रमों, पुस्तकों, संगीत और बहुत कुछ से भरे संसाधन।*
*अगर आपको यह पसंद आए, तो*
***दूसरों को भी इसके बारे में बताएं!***

# ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ

**apcbiblecollege.org**

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને સેવાકીય પ્રશિક્ષણ કેન્દ્ર, બેંગલોર, ઈંડિયા, એક આત્માથી ભરપૂર, અભિષિક્ત, પ્રશિક્ષણની સાથે અનુભવ અને ઈશ્વરના વચનોને એક સૈદ્ધાંતિક રીતે શીખવામાં અને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્યમાં સેવા કરવામાટે શિક્ષણ આપે છે. અમે વ્યક્તિને સંપૂર્ણ રીતે સેવા કરવામાટે તેના વિકાસમાં એક દૈવીય ચરિત્ર, ઈશ્વરના વચનમાં ઊંડાણપૂર્વક સમજ અને ઇશ્વરી શક્તિદ્વારા તેના અજાયબ પરાક્રમો અને ચમત્કારોના પ્રદર્શનથી દરકે બાબતો ઈશ્વરસાથેના સંબદ્ધમાં ઘનિષ્ઠતા કેળવવામાં મદદરૂપ થઈએ છીએ.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ (APC-BC) માં, એક સૈદ્ધાંતિક શિક્ષણની સાથે અમે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવો અને પવિત્ર આત્માના અભિષેક અને હાજરીનો અનુભવ અને ઈશ્વરના દૈવીય કાર્ય ઉપર ભાર મૂકીએ છીએ. ઘણા બધા જુવાનો અહીં પ્રશિક્ષણ પ્રાપ્ત કરીને ઈશ્વરના દર્શનને તેમના જીવનમાં પૂરું કરવાને માટે તૈયાર થયા છે.

અમે ત્રણ કાર્યક્રમ ચલાવીએ છીએ.

- એક વર્ષ માટે સર્ટિફિકેટ ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (C.Th.)
- બે વર્ષ માટે ડિપ્લોમા ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (Dip.Th.)
- ત્રણ વર્ષ માટે બેચલર ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (B.Th.)

ક્લાસ દર અઠવાડિયે લેવામાં આવે છે. **સોમવારથી શુક્રવાર સવારે 9:00 થી બપોરે 12:00 સુધી, ભારતીય સમય અનુસાર (UTC+5:30).** અમે ત્રણ રીતે પ્રશિક્ષણ માટેના પર્યાય આપીએ છીએ.

- **ઓન કેમ્પસ**: વ્યક્તિગત તમે કોલેજમાં આવીને હાજરી આપો
- **ઓનલાઇન**: ઓનલાઇન દ્વારા તમે ક્લાસમાં હાજરી આપો
- **ઇ-લર્નિંગ**: પોતાની રીતે અમારી વેબસાઇટ ઉપરથી તમે શિક્ષા પ્રાપ્ત કરો. apcbiblecollege.org/elearn

**ઓનલાઇન અરજી** કરવા માટે અને વધુ માહિતી જેમ કે કોલેજ, અભ્યાસક્રમ, પાત્રતા, પ્રશિક્ષણની ફી અને અરજી કરવામાટેના ફોર્મને ડાઉનલોડ કરવામાટે apcbiblecollege.org ની મુલાકાત લો.

ઘણાં વિશ્વાસીઓ પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિષે અજાણ છે જે બાપ્તિસ્મા આપણને આપવા માટે પ્રભુ ઇસુ આવ્યા. યોગ્ય શિક્ષણને અભાવે ભક્તિસભામાં ટોળામાં થતાં ઘોંઘાટ, બૂમબરાડા અને વિચિત્ર પ્રકારની અભિવ્યક્તિઓને કારણે ઘણાં વિશ્વાસીઓ પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિષે મૂંઝવણ અનુભવે છે. તેઓ પવિત્ર આત્માના બાપ્તિસ્માનો હેતુ અને સામર્થ્ય સમજતા નથી. પવિત્ર આત્માના બાપતિસમાને સમજવા માટે અને ત્યારબાદ પવિત્ર આત્માના બાપ્તિસ્માને ગ્રહણ કરવામાં આપણને દોરે તે હેતુથી ઈશ્વરનાં વચનનો આ સરળ અભ્યાસ આપણને મદદ કરશે. પવિત્ર આત્માના સામર્થ્યને પ્રગટ કરવા માટેની યાત્રાની આ એક અદભૂત શરૂઆત છે. દરેક વિશ્વાસી વ્યક્તિએ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા લેવું જ જોઈએ અને ત્યારબાદ પવિત્ર આત્માના કૃપાદાનોની વહેંચણીની યાત્રામાં એક માધ્યમ બનવું જોઈએ કે જેથી ઈશ્વરનું સામર્થ્ય પ્રગટ થાય અને પ્રભુ ઇસુ ખ્રિસ્તને મહિમા મળે!


All Peoples Church & World Outreach
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org